નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper


સામના મિરર
આગામી અઠવાડિયાથી રાજ્યમાં પણ આવા કેસનું નિદાન થઈ શકશે : આરોગ્ય મંત્રી

આગામી અઠવાડિયાથી રાજ્યમાં પણ આવા કેસનું નિદાન થઈ શકશે : આરોગ્ય મંત્રી

જુઓ પેજ નં.૭

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :8 JANUARY 2025 I WEDNESDAY I Page :8 I Year : 2 I Issue :236 I Price: 2/-

# દિલ્હીમાં 5 ફેબ્રુઆરીએ મતદાન, 8મીએ પરિણામ




## એક જ તબક્કામાં મતદાન થશે, કુલ મતદારો ૧ કરોડ ૫૫ લાખ મતદારો; ૨ લાખ ફર્સ્ટ ટાઈમ મતદાર

નવી દિલ્હીઃ દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. પરિણામ ૮મી ફેબ્રુઆરીએ આવશે. ચૂંટણી પંચ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. આ પહેલા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિના આરોપો પર 30 મિનિટ સુધી તથ્યો સાથે સ્પષ્ટતા આપી હતી.આ પહેલા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિના આરોપો પર 30 મિનિટ સુધી તથ્યો સાથે સ્પષ્ટતા આપી હતી. તેમણે કહ્યું કે ચૂંટણીમાં મતદારો વધારવાના અને ચોક્કસ વર્ગને નિશાન બનાવવાના આરોપો ખોટા છે. ચૂંટણી પ્રક્રિયા પૂરી થવામાં સમય લાગે છે. આ બધું એક નિશ્ચિત પ્રોટોકોલ હેઠળ થાય છે. આ વાત સમજાવવા માટે રાજીવ કુમારે પણ બે શાયરી વાંચી...

કર ન શકે ઇકરાર તો કોઈ બાત નહીં, મેરી વફા કા ઇન્હે એતબાર તો હૈ, શિકાયત ભલે હી હો, મગર સુનના, સહના સુલઝાના હમારી આદત હૈ

સબ સવાલ અહમિયત રખતે હૈ જવાબ તો બનતા હૈ, આદતન કલમબંદ જવાબ દેતે રહે, રૂબરૂ જવાબ બનતા હૈ. ક્યા પતા કલ હમ હો ના હોં આજ જવાબ તો બનતા હૈ૨૦૨૪માં સમગ્ર વિશ્વમાં ચૂંટણીઓ યોજાઈ હતી. ૮ રાજ્યોમાં ચૂંટણી અને ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. અમે વિશ્વમાં સૌથી વધુ મતદાન કરવાનો રેકોર્ડ બનાવ્યો. હિંસા મુક્ત ચૂંટણી અને મહિલાઓની ભાગીદારી માટે રેકોર્ડ બનાવવામાં આવ્યો હતો. અમે વધુ એક સીમાચિહ્ન હાંસલ કરવાના છીએ. અમે ૯૯ કરોડ મતદારોને પાર કરી રહ્યા છીએ. આપણે એક અબજ મતદારો ધરાવતો દેશ બનવા જઈ રહ્યા છીએ. આ એક વર્લ્ડ રેકોર્ડ હશે. વિધાનસભાનો કાર્યકાળ ફેબ્રુઆરીમાં પૂરો થઈ રહ્યો છે. આ સિવાય મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર ૧૮ ફેબ્રુઆરીએ નિવૃત્ત થઈ રહ્યા છે, જેના કારણે ૧૮ ફેબ્રુઆરી પહેલા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તેવી શક્યતાઓ છે. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીની જાહેરાત ૬ જાન્યુઆરીએ કરવામાં આવી હતી. તમામ ૭૦ વિધાનસભા બેઠકો માટે ૮ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ એક જ તબક્કામાં મતદાન થયું હતું અને ૧૧ ફેબ્રુઆરીએ પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા.

૨૦૨૦માં આમ આદમી પાર્ટી ()ને ૫૩.૫૭% મતો સાથે ૬૨ બેઠકો મળી, જ્યારે ભાજપને ૮ બેઠકો સહિત ૩૮.૫૧% મત મળ્યા હતા. કોંગ્રેસને ૪.૨૬% મત મળ્યા હતા પરંતુ પાર્ટી પોતાનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ રહી હતી. ૨૦૧૫ની ચૂંટણીમાં પણ કોંગ્રેસને એક પણ બેઠક મળી ન હતી.

એ ૭૦ બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. પાર્ટીએ કુલ ૫ યાદીમાં આ નામો જાહેર કર્યા છે. ની પહેલી યાદી ૨૧ નવેમ્બરે આવી હતી જેમાં ૧૧ નામ હતા.

૨૦ ડિસેમ્બરે આવેલી પાંચમી યાદીમાં માત્ર એક જ નામ હતું. જેમાં મહેરૌલી સીટ માટે ઉમેદવાર બદલાયા હતા. પાર્ટીએ કુલ ૨૬ ધારાસભ્યોની ટિકિટ કાપી છે, જ્યારે ૪ની સીટો બદલાઈ છે.

અરવિંદ કેજરીવાલ આ વખતે પણ નવી દિલ્હી સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની પટપરગંજ સીટ બદલવામાં આવી છે. તેમને જંગપુરાથી ટિકિટ મળી છે.

પાર્ટીએ પટપરગંજથી અવધ ઓઝાને ટિકિટ આપી છે. આતિશી કાલકાજી સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે. મંત્રી સૌરભ ભારદ્વાજ ગ્રેટર કૈલાશ, ગોપાલ રાય બાબરપુર અને સત્યેન્દ્ર જૈન શકુર બસ્તીથી ચૂંટણી લડશે.

# તિબેટ પ્રાંતમાં ભૂકંપથી તબાહીઃ ૧૨૬નાં મોત

## ૩ કલાકમાં ૫૦ વખત ધ્રૂજી ધરતી,૪૦૦ કિમી દૂર નેપાળ-બિહાર-બંગાળમાં અસર; કંપારી છોડાવતા પૃથ્વીની સૌથી મોટી પ્લેટમાં ધ્રુજારી અનુભવાઈ

ચીનના તિબેટ પ્રાંતમાં મંગળવારે સવારે આવેલા ભૂકંપમાં ૧૨૬ લોકોના મોત થયા હતા અને ૧૮૮ લોકો ઘાયલ થયા હતા. ચીનની સત્તાવાર સમાચાર એજન્સી શિન્હુઆ અનુસાર, સવારે ૯.૦૫ વાગ્યે (ભારતીય સમય મુજબ ૬.30 વાગ્યે) આવેલા આ ભૂકંપનું કેન્દ્ર તિબેટના શિજાંગમાં જમીનથી ૧૦ કિલોમીટર નીચે હતું.



ભારતના નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી () અનુસાર, રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૭.૧ હતી. ભૂકંપની અસર ભારતના નેપાળ, ભૂટાન, સિક્કિમ અને ઉત્તરાખંડમાં પણ જોવા મળી હતી. હાલમાં ભારતમાં જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.એનસીએસે અહેવાલ આપ્યો છે કે પ્રથમ ભૂકંપ પછી તરત જ પ્રદેશમાં વધુ બે ભૂકંપ આવ્યા હતા. સ્થાનિક અધિકારીઓ સતત પરિસ્થિતિનો તાગ મેળવી રહ્યા છે, જેના કારણે મૃતકોની સંખ્યા પણ સતત વધી રહી છે.

તિબેટમાં આવેલા ભૂકંપમાં અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. સરકારી મીડિયાએ જણાવ્યું હતું કે પાડોશી નેપાળની રાજધાની કાઠમંડુ અને ભારતના કેટલાક ભાગોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# કાતિલ ઠંડી



પોષની કાતિલ ઠંડી સમગ્ર ભારત પર છવાઈ ગઈ છે. હવે થોડા દિવસોમાં પોષની રમણીય પૂનમનો ઉદય થશે. શિયાળામાં પૂર્ણિમાની મધ્યરાત્રિએ ચન્દ્ર અગાસીમાં ઢોળાયેલો પડયો છે. એના પરમ શીતળ અભિષેકને ઝિલનારું કોઈ નથી. એક તો ચન્દ્ર સ્વયં શીતળ છે. એના દર્શન કરતા શિશુને એ બરફનો નિઃરંગી ગોળો લાગે. વળી રાત્રિઓ પણ બરફિલી હવાઓમાં જલપરીની જેમ તરી રહી છે. કોઈના ઘરની છતમાંથી ચાંદરડું થઈને ભીતર જંપી ગયેલી વયઃસંધિતાના ગાલ પર ઝબક અવતરવું એ ચન્દ્રનો એક અલગ અવતાર છે. ગામકાંઠાના તળાવના થીજી જવા આવેલા જળ પર રાતભર ચન્દ્ર વિહાર કરે છે. ચન્દ્રબિંબના તિલકથી સરોવરો જાણે કે રાજ્યાભિષેક પામ્યા હોય એવા યૌવનસભર દેખાય છે. પૂનમની રાતનો આનંદ માણનારો એક અલગ ચાહક વર્ગ છે પરંતુ શીતકાળની પૂર્ણિમાના સૌન્દર્યનો આસ્વાદક તો લાખોમાં કોઈ એક હોય છે.

શિયાળાની રાતના જાગરણ કરનારા કોણ હોય છે ? જેનો પતિ પરદેશ ગયો છે એવી કોઈ વિરહિણી પ્રોષિત ભર્તૃકા હોય... દેશાવર ગયેલો દીકરો આજે આવવાનો હોય એવી માતા હોય... સાસરિયે ગયેલી દીકરી દુઃખી હોય એવો કોઈ મુંઝવણથી ઘેરાયેલો પિતા હોય... જે હજુ પોતાને જ સમજી ન શકતી હોય એવી કોઈ બારી પાસે ઊભા રહી ક્ષિતિજને તાકતી નવયૌવના હોય...! વયોવૃદ્ધ માતપિતાની સેવામાં જોડાયેલા પરિવારજનો પણ જાગતા હોય. ચન્દ્ર એકલયાત્રિક છે. અસંગનો રંગ સદાય શ્વેત અને શાન્ત હોય છે એની નભજાહેર પ્રતીતિ છે આ ચન્દ્ર.

પ્રાકૃત કવિએ લખ્યું કે પૂર્ણિમાની રાતે બિલાડી, ખાલી વાટકામાં દૂધ હોવાનો ભ્રમ થતાં એને વારંવાર વ્યર્થ ચાટી રહી છે ! એક તો શીતકાળ અને એની પણ રાત્રિ ને એના પર ચાંદનીનો ચંદન શો શીતળ લેપ...! દિશાઓમાં શૂન્યતાનો ઉજાસ પથરાયો છે. પંખીઓના બચ્ચાં માળાની બહાર ડોકિયું કરીને વહેલી સવારના અણસારે ક્યારેક કલબલ કરે છે ને એની માતા એને પોતાની પાંખોના ઘેરાવામાં ઢબુરી દે છે.

વહેતી નદીઓના ધુનાઓની સપાટી પરના તરંગોમાં આકાશ ઝલમલ થતું ને ચન્દ્રિકા પોતાનો આકાર ઘડવાની મથામણમાં ઊંચક-નિચક થતી દેખાય છે, જાણે કે પોતાના ઉચ્છવાસને સાંભળતી કોઈ વનલતા ન હોય શેરીઓમાં ભલે નિરખનારું કોઈ ન હોય પણ ધૂળની રૂપેરી ચાદરમાં રસ્તાઓ છુપાઈ ગયા છે. લીંપણ કરેલા ઘરના ચોખ્ખા આંગણામાં બાળક મેલાઘેલા પગલા પાડે એમ શેરીના શ્વાન રજતપટ સરીખા પંથે ધન્યતાની, લટાર લગાવી રહ્યા છે. ગામ આખું જેમાં સંતાયું છે એ રજાઈનો ટુકડો પણ એના ભાગે આવે એમ નથી. રાતે શ્વાનની આંખો તો કહેવા ખાતરની જ હોય, એ તો કાન પર જ રાત જીવે છે.

એની આંખને ચાંદનીના આ આસવની શી તમા ? સહુ સમાન રીતે જ અભાન છે ને એકલી ગામ વચ્ચેથી વહી જાય છે એક રૂપેરી નદી ! જે સવાર થતાં સુધીમાં સમુદ્રને નહિ, આભને ઓળંગીને ચન્દ્રમાં ફરી પાછી વિલીન થઈ જાય છે. ચન્દ્ર સાથે જેને સંબંધ નથી એ સૌન્દર્યના અનુપાનમાં સહુથી દરિદ્ર છે. જેના ચિદાકાશમાં સદાય ચન્દ્રતેજ મુખરિત હો એના સંગાથની વેળા સદાય નિરાંતનો અનુભવ આપે છે. માતાના ખોળેથી ઉતરી પિતાની આંગળીએ જગતના ચોકમાં પગ મૂક્યા પછી એ ચન્દ્રકિરણ શી નિરાંત પ્રિયજનના નેત્રપલ્લવમાં મળે, સાધુની વાણીમાં મળે કે દૂરથી સંભળાતા એકતારામાં મળે. એય મળે તો મળે. યુવાની પસાર કરી ચૂકેલી પત્નીને ચાહવામાંથી મળે કે વીસરાયેલું કોઈ ગીત ફરી હૃદય ગુંજી ઉઠે તો એમાં પણ મળે. ચન્દ્ર આપણી રાત્રિઓની એક નિરાંતવી શોભા છે. આ શીતકાળમાં એ દ્વિગુણિત થઈ મનને આહલાદક અનુભવ આપે છે. રાત્રિના સૌન્દર્યથી વિમુખ થવા જેવું નથી. મોબાઈલ ફોન આવ્યા પછી અપરાધ વિના પણ લોકો નીચું માથું રાખીને જિંદગી પસાર કરી રહ્યા છે. માથું ઊંચું રાખવા જેવું છે. ઘણીવાર ઘરમાં પથરાયેલો બાળકોનો શૈશવરૂપી વૈભવ પણ આજના દંપતીની નજરે ચડતો નથી. વેકેશન કે જે બાળકોનો પ્રમુખ આનંદ છે એ વાલીઓને કંટાળાજનક લાગે તો એ એમના પતનની નિશાની છે.

# હવે ટેસ્ટની તૈયારી રૂા.૧૦૦૦થી ૧૫૦૦માં કિટ ઉપલબ્ધ

## નવા વાયરસના વધુ પાંચ કેસ નોંધાયા તમામ બાળકો

નવી દિલ્હી ભારતમાં ગઈકાલથી દેખાયેલા - વાયરસમાં કર્ણાટક અને ગુજરાતમાં ત્રણ કેસ નોંધાયા બાદ વધુ પાંચ કેસ નોંધાતા અનેક રાજ્યોમાં એલર્ટની સ્થિતિ છે. કર્ણાટકના બેંગાલુરૂ ઉપરાંત મહારાષ્ટ્રમાં નાગપુર, તામિલનાડુના ચેન્નઈ અને પશ્ચીમ બંગાળમાં પણ આ વાયરસનો એક કેસ નોંધાયો છે. ચીનમાં ખૂબ ઝડપથી ફેલાઈ રહેલા વાયરસમાં બેંગલુરૂમાં ૨, ગુજરાતમાં એક અને તામિલનાડુમાં ૨ અને નાગપુરમાં એક કેસની પુષ્ટી થઈ છે અને પ.બંગાળમાં પણ એક કેસ નોંધાયા છે.

જો કે બીજી તરફ હવે આ વાયરસના ટેસ્ટીંગ માટેની સુવિધા પણ શરૂ કરવા નિર્ણય લેવાયા અને તેની ટેસ્ટ કિટ રૂા.૧૦૦૦થી ૧૫૦૦માં તૈયાર છે. તામિલનાડુ સરકાર જાહેર કર્યુ છે કે એચએમપીવી વાયરસના બે કેસ નોંધાયા છે. એક ચેન્નઈ અને એક સાલેમમાં આ વાયરસથી પીડીત દર્દી સારવાર હેઠળ છે. આ વાયરસને રાજ્ય સરકારે સેલ્ફ લીમીટીંગ ગણાવતા ઉમેર્યુ કે થોડા દિવસમાં તેની અસર ખત્મ થઈ જશે. નાગપુરમાં એક કેસ હોવાથી મહારાષ્ટ્ર સરકારે પુષ્ટી કરી છે. જો કે તે દર્દીનું સ્વાસ્થ્ય હાલ સ્થિર હોવાની જાહેરાત થઈ છે. ગુજરાતમાં કોઈ નવો કેસ નોંધાયો નથી. પ.બંગાળમાં પાંચ માસના બાળકને આ વાયરસનું ઈન્ફેકશન હોવાનું જાહેર થયુ છે. તામિલનાડુમાં પણ બે બાળકો આ વાયરસથી સંક્રમીત બન્યા છે. આમ દેશના પાંચ રાજ્યોમાં કુલ ૮ કેસ નોંધાયા છે પણ હજુ સુધી કોઈ મૃત્યુના અહેવાલ નથી. નેશનલ સેન્ટર ફોર ડીસીસ કંટ્રોલ દ્વારા આ વાયરસ સામે તમામ પ્રકારની દવા અને સારવાર ઉપલબ્ધ હોવાનું જાહેર કરીને લોકોને ગભરાટમાં નહી રહેવા અપીલ કરાઈ છે.

# દિલ્હી ગાઢ ધુમ્મસમાં ડૂબ્યું, ઉત્તરાખંડમાં મોસમે બદલ્યો મિજાજ

## દિલ્હીમાં પ્રચંડ ઠંડીથી લોકો થથરી ઉઠયા, વીક એન્ડ પર વર્ષના પહેલા ભારે વરસાદના એંધાણ ઉત્તરાખંડમાં પહાડીઓ પર બરફવર્ષાથી તાપમાનનો પારો ગગડયો



નવીદિલ્હી તા.૭

હાલ ઠંડીના નવા રાઉન્ડમાં ઠંડીએ ઉત્તર ભારતમાં કહેર મચાવ્યો છે. ઉત્તરાખંડમાં મોસમનો મિજાજ બદલાયો છે. પહાડીઓ પર બરફ વર્ષાથી તાપમાન ગગડયું છે, જેથી કાતિલ ઠંડી લોકોને ધ્રુજાવશે બીજી બાજુ દિલ્હીમાં પણ પ્રચંડ ઠંડી વચ્ચે ફરી હવામાન પલટી મારશે વીક એન્ડ પર વર્ષની પ્રથમ ભારે વરસાદના એંધાણ છે. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ઉત્તરાખંડમાં હવામાને પડખું ફેરવ્યું છે. પહાડો પર હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદ થયો છે. જેથી તાપમાનમાં ઘટાડો થયો છે. હવામાન વિભાગે ૧૧ જાન્યુઆરીથી ફરીથી વરસાદ અને બરફવર્ષાની આગાહી કરી છે. ઉત્તરાખંડમાં પહાડથી લઈને મેદાન સુધી વાદળો ઘેરાઈ રહ્યા છે. આ દરમિયાન બદરીનાથ, હેમકુંડ સાહેબ સહિત ઉંચા પર્વતો પર હળવી હિમવર્ષા થઈ હતી. નીચેના વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો હતો. જેથી તાપમાનનો પારો ગગડયો હતો. ઉત્તરાખંડના મેદાન વિસ્તારોમાં સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું. જયારે દિવસે તડકો નીકળતા મોસમ ખીલી ઉઠી હતી. આગામી ૧૧ જાન્યુઆરીથી રાજ્યમાં વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયતાથી બરફ વર્ષા થઈ શકે છે. દિલ્હીમાં વારની શરૂઆત હળવા વરસાદથી લાંબો સમય વધુ ઠંડી કાતિલ ઠંડી રહી હતી. વીક એન્ડ પર વર્ષના પ્રથમ સારા વરસાદની સંભાવના છે. મંગળવારે દિલ્હીમાં ન્યુનતમ તાપમાન ૮ ડિગ્રી સુધી રહ્યું હતું. અને અધિકતમ તાપમાન ૧૯ ડિગ્રવ રહ્યું હતું. તો બીજી બાજુ ઠંડી હવાના કારણે દિલ્હી અને દિલ્હી આસપાસના તાપમાનમાં ઘટાડો થશે. આગાહી મુજબ આવતીકાલે દિલ્હીનું ન્યુનતમ તાપમાન ૬ ડિગ્રી રહી શકે છે. ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઘટી જતા પરિવહનને અસર થઈ હતી.




# કટારીયા ચોકમાં ૧૬૭ કરોડના ઓવર - અંડરબ્રીજ સહિત ૨૧૬ કરોડના વિકાસકામ મંજૂર

**કેકેવી ચોક બ્રીજ હેઠળ સ્પોર્ટ સુવિધા ઉભી કરાશે જુદા જુદા વિસ્તારોમાં પેવીંગ બ્લોક, પાઇપ ગટર, ડીઆઇ લાઇન, સીસી કામ, રસ્તા સહિતની તમામ ૬૭ દરખાસ્તો બહાલ**

રાજકોટ, તા. ૭

મનપાની સ્ટે.કમીટીની મીટીંગ આજે ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં વોર્ડ નં.૧૧માં કટારીયા ચોકડી પાસે ૧૬૭.૨૪ કરોડ (જીએસટી સહિત)ના ખર્ચે અંડરબ્રીજ તથા કેબલ ફલાયઓવર બ્રીજ બનાવવા સહિતના ૨૧૬ કરોડના વિકાસ કામો સાથેની તમામ ૬૭ દરખાસ્તો મંજુર કરવામાં આવી હતી. આગામી ૧૦ વર્ષની ટ્રાફિકની જરૂરીયાત ધ્યાને લેતા ખુબ લાંબાગાળાના આયોજન સાથે આ બ્રીજ પ્રોજેકટ મંજૂર કરાયાનું ચેરમેને જણાવ્યું હતું.

આજની મીટીંગમાં એજન્ડા પર ૬૭ દરખાસ્તો હતી. કટારીયા ચોકના બ્રીજનું કામ ૩૦ માસમાં પુરૂ થશે. ૭૪૪ મીટર લંબાઇ અને ૨૩.૧૦ મીટરની પહોળાઇમાં ૩+૩ લેનનો આરસીસી બ્રીજ બનવાનો છે. બંને તરફ સર્વિસ રોડ અને ફુટપાથ રાખવામાં આવ્યા છે.

આ બ્રીજથી બે લાખ જેટલા વાહન ચાલકોને લાભ થશે. ઓવરબ્રીજ અને અંડરબ્રીજના ૧૨૪.૦૭ કરોડના ટેન્ડર સામે ૧૪.૨૪ ટકા ઓન એટલે કે ૧૪૧.૭૩ કરોડના ભાવની એલ-૧ ઓફર સાથેની દરખાસ્ત કમિશ્નરે મોકલી હતી.

૧૮ ટકા જીએસટી સાથે ૨૫.૫૧ કરોડનો ટેકસ ગણી કુલ ખર્ચે ૧૬૭.૨૪ કરોડનો ખર્ચ થશે. મુળ અંદાજ કરતા વધુ આવેલી ઓન જોતા ૧૭.૭૩ કરોડનો ખર્ચ ઓનમાં મંજૂર થયો છે. ૮.૫+૮.૫ મીટર પહોળાઇમાં અંડરપાસ બનશે. ૯.૩૦ની પહોળાઇમાં સર્વિસ રોડ અને ફુટપાથ સામેલ છે.

આ કામ માટે કુલ ચાર એજન્સીના ભાવ આવ્યા હતા. તેમાં ગાવર કન્સ. લીમીટેડ અને બેકબોન કન્સ.ના જોઇન્ટ વેન્ચરના ભાવ ૧૪૧.૭૩ કરોડ સૌથી નીચે આવ્યા હતા. ટેન્ડરની શરત મુજબ જીએસટી અલગથી ચુકવવાનો હોય છે. આ દરખાસ્ત આજે મંજૂર કરાઇ હતી.

સ્પોર્ટસ એકટીવીટી

વોર્ડ નં.૮માં કાલાવડ રોડ પર કેકેવી ચોકના મલ્ટીલેવલ બ્રીજ નીચે પરીમલ સ્કુલ સામે જુદી જુદી ચાર સ્પોર્ટસ સુવિધા ઉભી કરવા આયોજન કરાયું છે. બ્રીજ નીચેના ભાગમાં ઇન્ડોર ગેમ્સ, બોકસ ક્રિકેટ, પીકલ બોલ, સ્કેટીંગની સુવિધા ઉભી કરવા આજની મીટીંગમાં દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે. કોર્પો.ના જુદા જુદા ગાર્ડન, બાલ ક્રિડાંગણ અને ફિઝીકલ ફિટનેસના સાધનો માટેનો દ્વિવાર્ષિક રેટ કોન્ટ્રાકટ મંજૂર કરાયો છે.

કોર્પો.ની લાયબ્રેરી માટે મેગેઝીન અને પેપર, રમકડા સહિતની વસ્તુ ખરીદવા પણ ૫૮.૮૫ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. કર્મચારીઓને તબીબી સહાયની સાત દરખાસ્તો પણ મંજૂર કરાઇ હતી. તો નોનયુઝ વાહનોના સ્ક્રેપના વેંચાણ પેટે ૩૪.૯૫ લાખની આવક થયાનો અહેવાલ સ્ટે.કમીટીને સોંપવામાં આવ્યો છે.આજની મીટીંગમાં ૨૩ કરોડના રસ્તા કામ, પાંચ કરોડના પેવીંગ બ્લોક, ૪.૩૫ કરોડના ડ્રેનેજ, ૯ કરોડના ડીઆઇ પાણીની પાઇપલાઇનના કામ, ૧.૧૯ કરોડના સીસી કામ, કેકેવી ચોક બ્રીજ હેઠળ સ્પોર્ટસ એકટીવીટી માટે ૧.૮૮ કરોડ સહિતના વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા છે.

# નવા વાયરસ સામે સ્કુલો એલર્ટ આગમચેતીના પગલા શરૂ કરી દીધા

**શરદી – ઉધરસ – તાવ જેવા લક્ષણો ધરાવતા બાળકોને શાળાએ ન મોકલવા વાલીઓને સુચના**

અમદાવાદ,તા.૭

ચીનનાં એચએમપીવી વાયરસના પગપેસારાને પગલે કેન્દ્રની સાથોસાથ ગુજરાતમાં સરકાર તથા જુદા જુદા વિભાગો એલર્ટ બન્યા જ છે. શિક્ષણ વિભાગે પણ આરોગ્ય તંત્ર સાથે સંકલન સાધીને શરદી-ઉધરસ તાવ જેવી બિમારી બાળકોને શાળાએ નહી મોકલાવાની સલાહ આપી છે.

અમદાવાદમાં એચએમપીવીનો પ્રથમ કેસ નોંધાતા શિક્ષણ વિભાગ સતર્ક બન્યુ છે અને સાવચેતીનાં પગલા લેવાની તૈયારી શરૂ કરી છે. શાળા સંચાલકો પણ વાલીઓ સાથે સંપર્ક કરીને શરદી-ઉધરસ-તાવ જેવા લક્ષણો હોય તો બાળકોને સ્કુલે ન મોકલવા સુચવી રહ્યા છે. અમુક સ્કુલોએ અલાયદા કલાસ પણ રાખ્યા છે. અને જરૂર પડયે કોઈ શંકાસ્પદ લક્ષણ ધરાવતા બાળકનું સ્ક્રીનીંગ કરવાની પણ તૈયારી રાખી છે. સ્કુલ સંચાલકોએ કહ્યુ કે અનેક પરિવારોએ નાતાલની રજાઓમાં બાળકો સાથે વિદેશ પ્રવાસ કર્યો છે. એટલે વાલીઓ વધુ ચિંતીત હતા અને સામે ચાલીને મેનેજમેન્ટ સાથે સંપર્ક કરવા લાગ્યા હતા.

સ્કુલ મેનેજમેન્ટના સુત્રોએ કહ્યું કે સહકારી માર્ગદર્શીકાની પ્રતિમા છે છતાં વ્યકિતગત રીતે અગમચેતી-સાવચેતીનાં કદમ ઉઠાવવામાં આવી રહ્યા છે. કોવીડકાળના પ્રોટોકોલનો અનુભવ છે જ એટલે નવેસરથી શરૂઆત કરવાની રહેતી નથી. વાલીઓએ પણ તકેદારી રાખવા તથા શરદી-ઉધરસ જેવી ચેપી બિમારીનાં લક્ષણો ધરાવતાં બાળકોને શાળાએ ન મોકલવાનું સુચવવામાં આવી રહ્યું છે. લક્ષણો ગંભીર રીતે તો તે એચએમપીવીનાં નવી તેવુ તબીબી પ્રમાણપત્ર મોકલવાનું કહેવામાં આવશે. શાળા-શૈક્ષણીક સંસ્થાઓએ તબીબી સવલતની પણ તૈયારી રાખી છે. શંકાસ્પદ લક્ષણો વિશે શિક્ષકોને માહીતગાર કરીને બાળકને આઇસોલેશનમાં રાખવા કહેવામાં આવ્યુ છે. વાલીઓ પણ ચિંતિત હોવાથી તેઓને બાહેંધરી આપવામાં આવી રહી છે. સ્કુલો વિશે પણ સરકાર માર્ગદર્શીકા જારી કરે તેવી સંભાવના છે. ગુજરાતમાં એચએમપીવીનો પ્રથમ કેસ નોંધાવા સાથે આરોગ્યતંત્રની સાથોસાથ ખાનગી હોસ્પીટલો પણ સજ્જ બનવા લાગી છે. આવતા દિવસોમાં કદાચ કેસ વધે તો સ્થિતિને પહોંચી વળવા આઇસોલેશન વોર્ડ તૈયાર રાખવાની વ્યવસ્થા શરૂ કરી છે. એચએમપીવીથી બાળકો તથા વયોવૃદ્ધો વધુ સંક્રમીત બની શકે છે. રોગ પ્રતિકારક શક્તિ નબળી હોય તેવા લોકો પર જોખમ વધુ હોય છે. સરકાર તરફથી માર્ગદર્શિકા ઘડવામાં આવી રહી છે તે પુર્વે હોસ્પીટલોએ કોવિડના ધોરણે આગોતરી તૈયારી શરૂ કરી છે. સ્ટર્લિંગ હોસ્પીટલના ગ્રુપ મેડીકલ ડાયરેકટર નિખિલ લાલાએ કહ્યું કે, શંકાસ્પદ શ્વસન રોગ ધરાવતા દર્દી માટે આઇસોલેશન વોર્ડ તૈયાર કર્યા છે. ડીએચએસ હોસ્પીટલે પણ કહ્યું કે બાળકો-વૃદ્ધોને વધુ સંક્રમીત કરતા આ વાયરસના લક્ષણો હોય તો દર્દીને આરટીપીસીઆર ટેસ્ટના પરિણામ સુધી અલગ રાખવા માટે અલાયદો વોર્ડ તૈયાર કરાયા છે.

### ગુજરાતમાં હ્યુમન મેટાન્યુમો વાઈરસનાં પરિક્ષણ માટે કવાયત

# આગામી અઠવાડિયાથી રાજ્યમાં પણ આવા કેસનું નિદાન થઈ શકશે : આરોગ્ય મંત્રી

## હ્યુમન મેટાન્યુમો વાઈરસથી ગભરાવવાની જરૂર નથી, સાવચેતી આવશ્યક : ઋષિકેશ પટેલ




ગાંધીનગર,તા.૭

હાલમાં ચીનમાં માનવ મેટાન્યુમો વાઈરસ (એચએમપીવી)ના કેસો જોવા મળી રહ્યા છે. હવે ગુજરાતમાં પણ એક કેસ આવી જતાં ઉહાપોહ મચી ગયો છે. આ સાથે આરોગ્ય તંત્ર પણ એલર્ટ બની ગયું છે અને અત્યારથી જ એક્શન પ્લાન ઘડવાનું ચાલુ કરી દીધું છે. ગુજરાતમાં એચએમપીવી વાઈરસ સંબંધિત કેસના નિદાન માટે રાજ્યની ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલથી લઈ મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ ખાતે વ્યવસ્થા ઊભી કરવામાં આવનાર છે. આગામી અઠવાડિયાથી રાજ્યમાં પણ આ કેસનું નિદાન થઈ શકશે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, હ્યુમન મેટાન્યુમો વાઈરસ (એચએમપીવી) એ કોઈ નવો વાઈરસ નથી, વર્ષ ૨૦૦૧થી આ વાઈરસની ઓળખ થયેલ છે. ગુજરાત રાજ્યનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ આ વાઈરસને લઈને તમામ તૈયારીઓ અને વ્યવસ્થાઓ સાથે સચેત છે. આરોગ્ય વિભાગ દ્વારા અગમચેતીના ભાગરૂપે તા. ૪ જાન્યુઆરીના રોજ બેઠક કરીને રાજ્યના દરેક જિલ્લાના દરેક સીડીએચઓ, એમઓએચ, સિવિલ સર્જન, એસડીએચ સુપ્રીન્ટેન્ડન્ટને આ વાઈરસના ચેપ સંબંધિત બાબતો પર સંપૂર્ણ ધ્યાન રાખવા સૂચના આપવામાં આવી છે. સામાન્ય નાગરિકોએ હ્યુમન મેટાન્યુમો વાઈરસ (એચએમપીવી)થી ગભરાવવાની જરૂર નથી, પરંતુ વાઈરસના લક્ષણો સમજીને તેના ચેપ સાથે સંબંધિત બાબતો જાણવી અને અપનાવવી જરૂરી છે.



મેટાન્યુમો વાઈરસ (એચએમપીવી) વિશે જાણવા જેવી બાબતો જોઈએ તો, મેટાન્યુમો વાઈરસ (એચએમપીવી) અન્ય શ્વસન વાયરસ જેવો જ વાયરસ છે. વર્ષ ૨૦૦૧થી આ વાઈરસની ઓળખ થયેલ છે. આ વાઈરસ શિયાળાની ઋતુ દરમિયાન ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોમાં દેખાય છે અને તેના લક્ષણોમાં સામાન્ય શરદી અને ફલુનો સમાવેશ થાય છે. જો મેટાન્યુમો વાઈરસ (એચએમપીવી)ના લક્ષણો દેખાય તો જ્યારે ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમાલ અથવા ટિસ્યુથી ઢાંકવું. નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવાં કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવો. ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું અને ફલૂથી પીડિત વ્યક્તિઓથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું. તાવ, ઉધરસ કે છીંક આવે છે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું. વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક ખાવો. પ્રબળ પ્રતિરોધક શક્તિ માટે પૂરતી ઊંઘ લેવી. બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશન વાળા વાતાવરણમાં રહેવું. શ્વસનને લગતા લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું, બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો જોઈએ.

મેટાન્યુમો વાઈરસ (એચએમપીવી)ના ચેપની સ્થિતિમાં શું ના કરવું ? એ જોઈએ તો, આવશ્યક ના હોય તો આંખ, નાક કે મોઢાને સ્પર્શ કરવો નહિ. ચેપ ગ્રસ્ત વ્યક્તિએ વ્યક્તિગત ચીજવસ્તુઓ જેમ કે ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો બીજા વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ના આવે તેનું ધ્યાન રાખવું. જાતે દવા લેવાનું ટાળવું, લક્ષણોમાં વધારો દેખાય તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો. હાલમાં, ગુજરાતમાં એચએમપીવી વાઈરસનો એક પોઝિટિવ કેસ જોવા મળ્યો છે. રાજસ્થાનના ડુંગરપુરથી અમદાવાદ ખાતે સારવાર માટે આવેલા ૨ મહિનાના બાળકના સેમ્પલ એચએમપીવી પોઝિટિવ જણાયા છે, હાલમાં બાળક સારવાર હેઠળ અને સંપૂર્ણપણે સ્ટેબલ છે. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને ગભરાયા વિના સાવચેત રહેવા, ઉપર જણાવેલા સૂચનો અપનાવવા અને વાઈરસના લક્ષણો જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા આથી જણાવવામાં આવ્યું છે.

# વિદેશ નાસી જઈ ક્રિમીનલ ગેંગ ચલાવતા સહિતના અપરાધીઓ સામે હવે એક્શનમાં આવશે ભારતપોલ

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા વધુ એક કેન્દ્રીય એજન્સીને લોન્ચ કરી રાજ્યોની પોલીસ ઉપરાંત સીબીઆઇ, ઇડી સહિતની એજન્સીઓ સાથે પણ સંકલન કરશે

નવી દિલ્હીઃ આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સીબીઆઈ દ્વારા વિકસિત પોર્ટલ ભારતપોલ લોન્ચ કર્યું છે. આ વિશેષ પોર્ટલ રાજ્ય પોલીસ દળો અને અન્ય એજન્સીઓને ઈન્ટરપોલ દ્વારા માહિતીની આપ-લે કરવામાં મદદ કરશે.આ પ્રસંગે આજે ગૃહમંત્રી શાહે કહ્યું કે, ભારતપોલ પોર્ટલ શરૂ થયાં બાદ દેશની તમામ પોલીસ અને એજન્સીઓ ત્વરિત




કાર્યવાહી કરી શકશે. આ પોર્ટલ દેશની તપાસને નવાં યુગમાં લઈ જશે. શાહે કહ્યું, આજે અમે અહીં ભારતપોલના લોન્ચિંગ માટે ભેગા થયાં છીએ.

આ આપણાં દેશની આંતરરાષ્ટ્રીય તપાસનાં નવાં યુગની શરૂઆત છે. ભારતની દરેક એજન્સી, દરેક રાજ્યની પોલીસ ભારતપોલની મદદથી ઈન્ટરપોલ સાથે સરળતાથી જોડાઈ શકશે અને તપાસને ઝડપી બનાવી શકશે.

નવું અત્યાધુનિક ઓનલાઈન પોર્ટલ ભારતપોલ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં પોલીસ દળો અને કેન્દ્રીય એજન્સીઓને વિદેશમાં છુપાયેલાં ભાગેડું વ્યક્તિઓ અથવા અન્ય મામલાઓ વિશે ઈન્ટરપોલને માહિતી માંગતી તેમની વિનંતીઓ મોકલવા માટે સુવિધા આપશે.

# ગુજરાતમાં મતદારોની સંખ્યા ૫ કરોડને પાર !

### નવી સુધારેલી મતદાર યાદી પ્રસિદ્ધ, ૧.૭૨ લાખ પુરૂષ, ૨.૨૩ લાખ સ્ત્રી અને અન્ય ૨૦ સહિત કુલ ૩,૯૫,૮૧૯ મતદારોનો વધારોઃ હવે રાજ્યમાં ૨.૫૮ કરોડ પુરૂષ, ૨.૪૪ કરોડ સ્ત્રી તથા ૧૫૬૯ ત્રીજી જાતિના મતદારો, હજુ નવી નોંધણી ચાલુ

ગાંધીનગર,તા.૭

ચૂંટણી પંચની સુચના અનુસાર અને મુખ્ય નિર્વાચન અધિકારીના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં યોજાયેલા ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ દરમિયાન સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી સંનિષ્ઠ કામગીરીની ફલશ્રુતિરૂપે આખરી મતદાર યાદીમાં તા.૦૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મતદાર તરીકેની પાત્રતા ધરાવતા ૧,૭૨,૭૭૬ પુરૂષ, ૨,૨૩,૦૨૩ લાખ સ્ત્રી તથા ૨૦ ત્રીજી જાતિના મળી કુલ ૩,૯૫,૮૧૯ મતદારોનો વધારો થયો છે.



મતદારયાદીને અદ્યતન અને ક્ષતિરહિત બનાવવા ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ અંતર્ગત તા.૨૦ ઑગસ્ટથી તા.૧૮ નવેમ્બર, ૨૦૨૪ દરમ્યાન હાઉસ-ટુ-હાઉસ સરવે હાથ ધરી મતદારયાદીની ચકાસણી કરવામાં આવી હતી. ત્યારબાદ તા.૨૯ ઑક્ટોબરથી તા.૨૮ નવેમ્બર, ૨૦૨૪ સુધી મતદારયાદીમાં નામમાં સુધારો, કમી અને ઉમેરો કરવા માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. ગત તા.૨૯ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી મુસદ્દા મતદાર યાદીમાં ૨,૫૬,૫૬,૩૨૧ પુરૂષ, ૨,૪૨,૬૧,૫૬૭ સ્ત્રી અને ૧૫૬૯ ત્રીજી જાતિના મળી કુલ ૪,૯૯,૧૯,૪૪૧ કરોડ મતદારો નોંધાયેલા હતા. તા.૦૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જે અનુસાર ૨,૫૮,૨૮,૯૮૭ પુરૂષ, ૨,૪૪,૮૪,૭૦૪ સ્ત્રી તથા ૧૫૬૯ ત્રીજી જાતિના મળી કુલ ૫,૦૩,૧૫,૨૬૦ મતદારો નોંધાયેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ પણ પાત્રતા ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચની મોબાઇલ એપ્લિકેશન પવોટર હેલ્પલાઇનથ અને વેબસાઇટ ઉપર ઑનલાઈન પણ ફોર્મ ભરી શકશે અને પોતાના નામની ચકાસણી પણ કરી શકશે. આ ઉપરાંત સંબંધીત મતદાર નોંધણી અધિકારી અથવા તો કલેક્ટર કચેરીએ અને પોતાના વિસ્તારના બીએલઓનો સંપર્ક કરીને અરજી કરી શકશે. હાલ મતદારોને તેઓના મતદાર ઓળખપત્રની વહેંચણીની કામગીરી કરવામાં આવી રહી છે. મતદારોને પોસ્ટ દ્વારા જે ચુંટણી કાર્ડ તેમના ઘરે પહોંચાડવામાં આવશે. નવું નામ નોંધાવવા માટેની તથા સુધારા માટેની અરજી મંજૂર થયેથી ઈ-ઈપીક પણ ડાઉનલોડ કરવાની સુવિધા પણ ભારતના ચૂંટણીપંચ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# આસારામને સુપ્રીમ કોર્ટની રાહત સ્વાસ્થ્યને લઈને વચગાળાના શરતી જામીન આપ્યા

### આસારામને ૩૧ માર્ચ સુધી જામીન કડક શરતો લાગુ અનુયાયીઓને મળી નહીં શકે, પુરાવા સાથે ચેડા નહીં કરી શકે ત્રણ પોલીસની એસ્કોર્ટ આસારામ સાથે રહેશે

નવી દિલ્હી તા.૭

રાજસ્થાનના જોધપુરની જેલમાં બંધ આસારામને સુપ્રીમકોર્ટ તરફથી વચગાળાના શરતી જામીન આપ્યા છે. સુપ્રીમ કોર્ટે આ શરતી જામીન ૩૧ માર્ચ સુધી અપાયા છે, જેમાં આસારામ તેના અનુયાયીઓને મળી નહીં શકે, પુરાવા સાથે ચેડા નહીં કરી શકે. આસારામ સાથે ત્રણ પોલીસની એસ્કોર્ટ રહેશે.



આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ થોડા દિવસો પહેલા બિમાર આસારામને સારવાર માટે મહારાષ્ટ્રમાં પણ લઈ જવાયા હતા. હવે સ્વાસ્થ્યના મુદ્દે સુપ્રીમ કોર્ટે આસારામ બાપુને વચગાળાના જામીન આપ્યા છે. જો કે આ જામીન આકરી શરતો સાથે આપવામાં આવ્યા છે. આસારામ તેના જામીનના સમય દરમિયાન પોતાના અનુયાયીઓને નહી મળી શકે. સુપ્રીમ કોર્ટે આસારામને ૩૧ માર્ચ સુધી વચગાળાના શરતી જામીન આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે આસારામને અગાઉ ૧૭ દિવસની પેરોલ અપાઈ હતી જે પુરી થયા બાદ ૬ દિવસ પહેલા જ રાજસ્થાનની જોધપુર જેલમાં પાછા ફર્યા હતા.

દુષ્કર્મ કેસમાં આસારામને થઈ છે ઉમરકેદ

ઉલ્લેખનીય છે કે જોધપુર પોલીસે આસારામની ૩૧ ઓગષ્ટ ૨૦૧૩માં રેપના કેસમાં ધરપકડ કરી હતી અને ત્યારથી તે જેલમાં છે. એક કિશોરીએ તેમની સામે જોધપુર પાસે મણઈ ગામમાં તેમના આશ્રમમાં યૌન ઉત્પીડનનો આરોપ લગાવ્યો હતો.

આ ઉપરાંત ગાંધીનગરની અદાલતમાં પણ આસારામ સામે વર્ષ ૨૦૧૩માં આસારામ સામે રેપની ફરિયાદ થઈ હતી. આ કેસ અમદાવાદના ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. પીડિતા પર દુષ્કર્મ ૨૦૦૧ થી ૨૦૦૩ દરમિયાન થયું હતું. આસારામ છેલ્લા સાડા અગિયાર વર્ષથી જેલમાં છે.



તસવીરઃ આનંદ સોમૈયા




## રાજકોટમાં પ્રથમ વખત વનડે મહિલા ક્રિકેટ શ્રેણીનું આયોજન

# ભારત અને આયર્લેન્ડની ખેલાડીઓએ મેદાનમાં પ્રેક્ટિસ કરી, સ્મૃતિ મંધાનાની આગેવાનીમાં ટીમ ઈન્ડિયા રમશે

રાજકોટઃ ભારત અને આયર્લેન્ડ વચ્ચે ૩ વનડે મેચની શ્રેણી આગામી ૧૦ જાન્યુઆરીથી રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાનાર છે. ત્યારે આજથી બન્ને ટીમના ખેલાડીઓ દ્વારા મેદાન પર નેટ પ્રેક્ટિસ શરૂ કરી દેવામાં આવી છે. ગઈકાલે બન્ને ટીમના ખેલાડીઓનું રાજકોટમાં આગમન થયું હતું અને ભારત અને આયર્લેન્ડના ખેલાડીઓ સ્ટેડિયમ ખાતે પહોંચી પ્રેક્ટિસ કરવામાં આવી હતી. આજના પ્રથમ દિવસે સવારના ૧૧ વાગ્યાથી ૫ વાગ્યા સુધી પ્રેક્ટિસ સેશન રાખવામાં આવ્યું હતું. જેમાં બન્ને ટીમના ખેલાડીઓ દ્વારા વોર્મઅપ, ફિલ્ડિંગ, કેચ તેમજ બેટિંગ તથા બોલિંગની નેટ પ્રેક્ટિસ કરી હતી. ઉલ્લેખનીય છે કે, પ્રથમ વખત મહિલા ટીમનું રાજકોટમાં આગમન થયું છે અને બન્ને ટીમના મહિલા ખેલાડીઓ પ્રથમ વખત આ મેદાન પર મેચ રમનાર છે. ત્યારે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા પણ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

ભારત અને આયર્લેન્ડ વચ્ચે ૩ મેચની વનડે સિરીઝ આગામી ૧૦ જાન્યુઆરીને શુક્રવારથી રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાનાર છે. જેને લઈ આજે બન્ને ટીમો દ્વારા નેટ પ્રેક્ટિસ કરવામાં આવી રહી છે. જેમાં સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી બન્ને ટીમના ખેલાડીઓ દ્વારા નેટ વોર્મઅપ, ફિલ્ડિંગ, કેચ તેમજ બેટિંગ તથા બોલિંગની પ્રેક્ટિસ કરવામાં આવી રહી છે. બન્ને ટીમ પ્રથમ વખત આ મેદાનમાં રમવા માટે ઉતરવાની છે ત્યારે જીત માટે સતત ૩ દિવસ નેટ પ્રેક્ટિસ કરી સામ સામે ટકરાશે. ત્યારે હાલમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ફોર્મમાં ચાલી રહી છે અને આયર્લેન્ડની ટીમની સરખામણીમાં ભારતીય ટીમના ખેલાડીઓ વધુ અનુભવી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

રાજકોટમાં ગઈકાલે બંને ટીમોનું આગમન થતા શહેરના કાલાવડ રોડ પર આવેલ હોટલ સયાજી ખાતે તેમનું ભારતીય સંસ્કૃતિ મુજબ અને ફુલહાર તેમજ બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આયર્લેન્ડ સામેની આ ત્રણ મેચની સિરીઝમાં હરમનપ્રિત કૌરને રેસ્ટ આપવામાં આવ્યો છે આ સિરીઝની અંદર ટીમનું સુકાન સ્મૃતિ મંધાનાને સોંપવામાં આવ્યું છે.

સ્મૃતિ મંધાના (કેપ્ટન), દિપ્તી શર્મા (વાઈસ કેપ્ટન), પ્રતિકા રાવલ, હરલિન દેઓલ, જેમિમાહ રોડ્રિગ્સ, ઉમા છેત્રી, રિચા ઘોસ, તેજલ હસબનીસ, મીન્નુ મણી, પ્રિયા મિશ્રા, તનુજા કંવર, તિતાસ સાધુ, સાયમા ઠાકોર અને સચાલી સતઘરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગેબી લેવિસ (કેપ્ટન), અવા કેનિંગ, ક્રિસ્ટીના કુલ્ટર રીલી, અલાના ડાલઝેલ, લૌરા ડેલની, જયોર્જિના ડેમ્પસી, સારાહ ફોર્બ્સ, આર્લિન કેલી, જોના લોઘરન, ઈમી મગુરી, લેહ પોલ, ઓર્લા પ્રિન્ડરગાસ્ટ, ફ્રેયા સાર્જન્ટ અને રેબેકા સ્ટોકેલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# રાજકોટનાં કલાસિઝ સંચાલક આઈ.સી.ઈ માંથી રૂ.૧.૭૫ કરોડનાં બિનહિસાબી વ્યવહારો મળ્યા


## કરચોરી બદલ રૂ.૪૦ લાખનાં વેરાની જી.એસ.ટી.તંત્ર વસુલાત કરશે

રાજકોટ,તા.૭

નવા વર્ષની શરૂઆતથી જ સ્ટેટ જી.એસ.ટી.વિભાગ સક્રિય બન્યુ છે. અને ઠેર-ઠેર કરચોરી અંગે જુદા-જુદા એકમો પેઢીઓ ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. ત્યારે, તાજેતરમાં જ સ્ટેટ જી.એસ.ટી.વિભાગે રાજકોટ-અમદાવાદ- વડોદરા-સુરત-જૂનાગઢ અને ભાવનગર ખાતે આવેલા અને સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં વિદ્યાર્થીઓને તૈયારી કરાવતા ૪૦ જેટલા કલાસિઝ સંચાલકો ઉપર વ્યાપક દરોડા પાડવામાં આવેલ હતાં.

આવા કલાસિઝ સંચાલકો વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી દર્શાવી અને ૧૮ ટકા જી.એસ.ટીની કરચોરી કરતા હોવાની ફરીયાદો તંત્રને મળી હતી. આ ફરીયાદોનાં પગલે સ્ટેટ જીએસટી વિભાગની અન્વેષણ વિંગ એ રાજય વ્યાપી દરોડા પાડયા હતાં.

રાજકોટમાં પણ જી.એસ.ટીની અન્વેષણ વિંગની એક ટીમે કાલાવડ રોડ ઉપર આવેલી મૌલિક ગોંધિયા સંચાલિત આઈસીઈ કલાસિઝમાં દરોડા પાડયા હતા.અને કરચોરી અંગે સઘન




તપાસો હાથ ધરવામાં આવી હતી.આ તપાસોનાં અંતે આ કલાસિઝ સંચાલક દ્વારા વિદ્યાર્થીઓની સંખ્યાઓછી દર્શાવી કરચોરી કરાતી હોવાનું બહાર આવેલ હતું.જીએસટી વિભાગનાં સૂત્રોનાં જણાવ્યા મુજબ ઉપરોકત કલાસિઝ સંચાલકને ત્યાં તપાસનાં અંતે રૂ.૧.૭૫ કરોડના બિનહિસાબી વ્યવહારો મળવા પામ્યા હતાં. અને રૂ.૪૦ લાખની કરચોરી ઝડપાઈ હતી.આ કરચોરીની વસુલાત માટે તંત્રએ તજવિજ હાથ ધરી છે.

## પાન-મસાલા અને તમાકુનાં ડિલરોને ત્યાંથી રૂા.૯.૨૨ કરોડની કરચોરી ઝડપી લેતુ જી.એસ.ટી

નવા વર્ષની શરૂઆતથી જ સ્ટેટ જી.એસ.ટી.વિભાગ દ્વારા કરચોરોને નિશાન બનવાઈ રહ્યા છે.અને રાજયમાં ઠેર-ઠેર દરોડા પાડી કરોડો રૂપિયાની કરચોરી ઝડપી લેવામાં આવી રહી છે. ત્યારે, જી.એસ.ટી.વિભાગે પાન-મસાલા અને તમાકુંનાં ડિલરોને ત્યાં દરોડા પાડી કરોડો રૂપિયાની કરચોરી ઝડપી લીધી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ ચોકકસ ઈન્ટેલિજન્સ ઈનપુટ્સ અને સર્વેલન્સના આધારે સ્ટેટ જીએસટી વિભાગે ૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ચાંગોદર અને એસ.જી.હાઈવે સહિત અમદાવાદમાં ૧૦ સ્થળોએ તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન રોકડના વ્યવહારો દ્વારા બિનહિસાબી વેચાણ, બિનહિસાબી સ્ટોક અને બિન નોંધાયેલ ડીલર જેવી ઘણી ગેરરીતિઓ શોધી કાઢવામાં આવી હતી.

નોંધાયેલ કરદાતાઓ અને બિન નોંધાયેલ ડીલરોને ત્યાંથી લગભગ રૂા.૯.૨૨ કરોડની કરચોરી મળી આવી હતી.આ કરચોરીની રકમ કસુરદારો દ્વારા સ્વીકારી અને ચૂકવવામાં આવી છે. સ્ટેટ જીએસટી વિભાગ સરકારી આવકના રક્ષણ અને વસુલાત માટે કાયદેસરની કાર્યવાહી કરવા પ્રતિબદ્ધ છે.

## રેશન કાર્ડ ઈ-કેવાયસી રજિસ્ટ્રેશનમાં રાજયના ચાર મહાનગરોમાં રાજકોટ પ્રથમ; ૩૭% કામગીરી

**૧૪ લાખ કાર્ડ હોલ્ડરોના રજિસ્ટ્રેશન; ૨૩ લાખ હજુ બાકીઃ ગત્રજ્જાઅ કાર્ડમાં ૬૪ ટકા નોંધણી રાજ્યના અન્ન નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચિવ દ્વારા રાજ્યના કલેક્ટરો–પુરવઠા અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કામગીરીની સમિક્ષા**

રાજકોટ, તા.૭

રેશનકાર્ડ ઈ-કેવાયસી (-)માં ૧૪ લાખ રેશનકાર્ડ હોલ્ડરોના રજિસ્ટ્રેશન સાથે રાજયના ચાર મહાનગરોમાં રાજકોટ જિલ્લો પ્રથમ સ્થાને રહેવા પામેલ છે. રાજકોટ જિલ્લામાં રેશનકાર્ડ ઈ-કેવાયસીની ૩૭ ટકા કામગીરી થવા પામી છે.

રેશનકાર્ડ ઈ-કેવાયસી અંગે આજે ઉઘડતી કચેરીએ રાજયના નાગરિક અને પુરવઠા વિભાગના અગ્ર સચિવ મીણા દ્વારા રાજકોટ સહિત રાજયભરના જિલ્લા કલેક્ટરો-અધિક કલેક્ટરો અને પુરવઠા અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

જેમાં રાજકોટ સહિત રાજયભરના જિલ્લાઓમાં ઈ-કેવાયસીની થયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એમ ચાર મહાનગરોમાં રેશન કાર્ડ ઈ-કેવાયસીમાં રાજકોટ પ્રથમ સ્થાને રહેલ છે. રાજકોટ જિલ્લામાં રેશનકાર્ડ ઈ-કેવાયસીમાં અત્યાર સુધીમાં ૧૪ લાખ કાર્ડ હોલ્ડરોના રજિસ્ટ્રેશન થવા પામેલ છે. જ્યારે એનએફએસએ રેશન કાર્ડ-ઈ-કેવાયસીની ૬૪ ટકા કામગીરી થવા પામી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રેશનકાર્ડ ઈ-કેવાયસી માટે વહીવટીતંત્ર દ્વારા રાજકોટ મહાનગર પાલિકાની સીટી સીવીક સેન્ટરો અને ૧૮ વોર્ડ ઓફિસોમાં પણ કામગીરી શરુ કરવામાં આવી છે. પરંતુ કોર્પો.ના સીટી સીવીક સેન્ટરો અને વોર્ડ ઓફિસોમાં હજુ માત્ર ૯૨૩ કાર્ડ હોલ્ડરોના ઈ-કેવાયસી માટે રજિસ્ટ્રેશન થવા પામેલ છે.

## ઈડી જેલમાંથી સાગઠીયાનો કબ્જો લેશે, તપાસમાં અપ્રમાણસર મિલ્કતનો આંક વધ્યો?

**ગયા સપ્તાહે ઈડીની ટીમે ગુપ્ત રીતે કાર્યવાહી કરી કોર્ટમાં અરજી કરી હતી, મની લોન્ડ્રિંગ એક્ટ હેઠળ તજવીજ થવાની શક્યતા**

રાજકોટ, તા.૭

રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકો જીવતા સળગી જતા મોત થયેલા. આ બનાવ અંગે નોંધાયેલ ગુનામાં રાજકોટ મનપાના ટીપીઓ મનસુખ સાગઠીયાને પણ આરોપી બનાવ્યા હતા. જે પછી સરકારે સાગઠીયાની મિલ્કત અંગે તપાસ કરાવી અપ્રમાણસર મિલ્કતનો એસીબી કેસ દાખલ કરાવ્યો હતો.



અગ્નિકાંડ કેસની તપાસ દરમ્યાન સાગઠીયાએ તેની ઓફિસના સરકારી રેકોર્ડ સાથે ચેડાં કર્યા હોવાનું ખુલ્યું હતું. જેમાં અલગથી ગુનો દાખલ થયો હતો. હવે સાગઠીયા ઈડીના રડારમાં આવી ગયો છે. ઈડી જેલમાંથી ટીપીઓ સાગઠીયાનો કબ્જો લઈ શકે છે. ત્યારે સવાલ થાય છે કે, શું તપાસમાં અપ્રમાણસર મિલ્કતનો આંક વધ્યો હશે?

ગુપરાહે કામગીરી કરતી ઈડી ગયા સપ્તાહ અચાનક રાજકોટ આવી હતી. ઈડીની ટીમે ગુપ્ત રીતે કાર્યવાહી કરી કોર્ટમાં અરજી કરી હતી. એસીબી કેસ સંદર્ભે સાગઠીયાની જેલ વિઝીટ માંગી હતી. જે પછી હવે સાગઠીયા સામે મની લોન્ડ્રિંગ એક્ટ હેઠળ તજવીજ થવાની શક્યતા છે.

ઈડીની ટીમ રાજકોટ આવી, કોર્ટમાં કાર્યવાહી કરી છતાં પણ ઈડી તરફથી ઓફિશિયલ કોઈ નિવેદન કે યાદી જાહેર કરાઈ નહોતી. જેથી હવે મની લોન્ડ્રિંગ એક્ટ હેઠળ તજવીજ થઈ રહી છે? કે નહીં? તે અંગે પણ ઈડીએ કોઈ સત્તાવાર માહિતી જાહેર કરી નથી.

અત્રે નોંધવું રહ્યું કે, ટિવન સ્ટાર બિલ્ડીંગની ઓફિસમાંથી એસીબીએ (૧) સોના દાગીના તથા બિસ્કીટ (૨૨ કિલોગ્રામ) (રૂા.૧૫ કરોડ), (૨) ચાંદીના દાગીના (અઢી કિલોગ્રામ) (રૂા.૨ લાખ), (૩) ડાયમંડ ઝવેલરી (રૂા.૮,૫૦,૦૦૦), (૪) રોકડ રૂા.૩,૦૫,૩૩,૫૦૦ (૫) જુદા જુદા દેશોની ચલણી નોટો ભારતીય કિંમત આશરે ૧,૮૨,૦૦૦ (૬) સોનાના પત્રવાળી ઘડિયાળ નંગ-૨ તથા અન્ય ઘડિયાળ નંગ-૬ (રૂા.૧,૦૩,૧૦૦)ની મત્તા જપ્ત કરી હતી.

ઉપરાંત સાગઠીયા અને તેના પરિવારજનોએ વસાવેલી મિલ્કત પેટ્રોલ પંપ, ખેતર વાડી, ફ્લેટ્સ, ફાર્મ હાઉસ વગેરે ગણી રૂ. ૨૮.૧૭ કરોડની સ્થાવર જંગમ અપ્રમાણસર મિલ્કતો ગણી હતી. આ મિલ્કત તેની આવક કરતા ૬૨૮.૪૨ ટકા વધુ હતી. આ પછી પણ એસીબીની તપાસ ચાલુ હતી.

# જાગનાથમાં દાયકાઓ બાદ પાણીની લાઇન બદલાશે: ૧૭ જગ્યાએ નવા પેવીંગ બ્લોક

## જુદી જુદી પ્રાથમિક સુવિધાના ૪૩.૧૮ કરોડના કામો થશેઃ મોટા મવા, ૧૫૦ ફુટ રોડ, સામાકાંઠે, કોઠારીયામાં નવા રોડઃ ભગવતીપરામાં નવો સિમેન્ટ રોડ બનશે

રાજકોટ, તા. ૭

મનપા સ્ટે.કમીટીની મીટીંગમાં આજે ડીઆઇ પાઇપલાઇન, પેવીંગ બ્લોક, રસ્તા કામ, ડ્રેનેજ, સીસી કામ સહિતના ૪૩.૧૮ કરોડના પ્રાથમિક સુવિધાના કામ મંજૂર કરાયા છે. ખાસ કરીને જુના રાજકોટના જાગનાથ પ્લોટ વિસ્તારમાં પાણીની નવી ડીઆઇ પાઇપલાઇનો પાથરવા, ભગવતીપરામાં સીસી રોડ બનાવવા, જુદા જુદા વોર્ડમાં નવા રોડના કામો સામેલ છે. પેવીંગ બ્લોકની કુલ ૧૭ દરખાસ્તમાં પાંચ કરોડ મંજૂર કરાયા છે.

વોર્ડ નં.૩માં રૂ.૩.૧૫ કરોડના ખર્ચે અમૃત મિશન ૨.૦ અંતર્ગત રેલનગર ઇ.એસ.આર. થી જુદા-જુદા વિસ્તારમાં ડી.આઇ. પાઇપલાઇન તથા રીસ્ટોરેશનનું કામ મંજુર કરાયું છે. વોર્ડ નં.૪માં (૧) રૂ.૬૬.૯૪ લાખના ખર્ચે નાકરાવાડી લેન્ડફીલ સાઇટ ખાતે બહારના ભાગે પાણીનો ટાંકો, (૨) રૂ.૧.૧૯ કરોડના ખર્ચે ભગવતીપરા વિસ્તારમાં બોરીયા સોસાયટી મેઇન રોડ પર આર.સી.સી રોડ, (૩) રૂ.૫૧.૧૧ લાખના ખર્ચે ભગવતીપરા મેઇન રોડ પર વરસાદી પાણીના નિકાલ માટે પાઇપગટર મળી રૂ.૨.૩૮ કરોડના જુદા જુદા કામો આજરોજ સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગમાં મંજુર કરવામાં આવેલ છે.

વોર્ડ નં.૫માં (૧) ‘‘અમૃત ૨.૦‘‘ યોજના અંતર્ગત રૂ.૨.૩૦ કરોડના ખર્ચે પેડક રોડ વિસ્તારમાં ભાવનગર રોડથી નેશનલ હાઇવે તથા કુવાડવા રોડથી પેડક રોડ સુધીના વિસ્તારમાં ડી.આઇ. પાઇપલાઇન, (૨) રૂ.૧૭.૩૩ લાખના ખર્ચે પ્રાઇવેટાઇઝેશનથી ભૂગર્ભ ગટર ફરિયાદ નિકાલ કરવાનું કુલ રૂ.૨.૪૮ કરોડના કામો મંજૂર કરાયા છે. વોર્ડ નં.૬માં રૂ.૩.૭૮ કરોડના ખર્ચે સીતારામ રોડથી સંતકબીર રોડ સુધી પેવિંગ બ્લોક નાખવાનુ કામ તથા ટી.પી. રોડ પર ડામર રીકાર્પેટ કરવાનુ ૩.૭૮ કરોડનું કામ આજરોજ મંજુર



કરવામાં આવેલ છે.

જુના રાજકોટના વોર્ડ નં.૭માં (૧)રૂ.૧૪.૭૫ લાખના ખર્ચે લીમડા ચોક પાસે આવેલ મધ્યાહન ભોજન રસોડું રીપેરીંગ કરવાનું કામ, (૨)રૂ.૧.૫૪ કરોડના ખર્ચે નવા જાગનાથ પ્લોટમાં વોટર વર્ક્સ ડી.આઇ. પાઇપલાઇન, (૩)રૂ.૧.૯૯ કરોડના ખર્ચે જુના જાગનાથ પ્લોટ તથા સરદારનગર ઇસ્ટમાં વોટર વર્ક્સ ડી.આઇ. પાઇપલાઇન નાખવાનું કામ આમ કુલ મળીને રૂ.૩.૬૮ કરોડના જુદા જુદા કામો મંજૂર કરાતા જાગનાથ વિસ્તારમાં ઓછા, ધીમા, અને દુષિત પાણીની ફરિયાદો ભુતકાળ બનવાની આશા છે.

વોર્ડ નં. ૮માં (૧) રૂ.૩૩.૧૯ લાખના ખર્ચે સૂર્યોદય સોસાયટીમાં રસ્તાના સાઇડ સોલ્ડરમાં, (૨) રૂ.૩૪.૧૯ લાખના ખર્ચે સાકેત પાર્ક, મધુવન સોસાયટી, કિંગ્સલેન્ડ પાર્ક, જહાન્વી પાર્ક તથા નરસિંહ પાર્કમાં, (૩) રૂ.૩૫ લાખના ખર્ચે યોગિનિકેતન સોસાયટી, રાજહંસ સોસાયટી, ન્યુ કોલેજવાડી તથા ગંગા પાર્કમાં રસ્તાના સાઇડ સોલ્ડરમાં, (૪) રૂ.૧૪.૭૦ લાખના ખર્ચે બ્રહ્મકુંજ સોસાયટી તથા મારૂતિ પાર્કમાં રસ્તાના સાઇડ સોલ્ડરમાં (૫) રૂ.૩૩.૨૮ લાખના ખર્ચે અમૃત રેસીડેન્સી, સ્ટાર વિલા, પ્રધુમન પાર્ક, સાકેત પાર્ક-૨, જગન્નાથ પ્લોટ શેરી નં.૪ અને ૫ મા રસતાના સાઇડ સોલ્ડરમાં પેવીંગ બ્લોક નાખવાનું કામ વગેરે માટે રૂ.૩.૩૯ કરોડના જુદા જુદા કામો મંજૂર કરાયા છે.

# ઠંડીનું જોર યથાવત રાજકોટમાં ૯.૮, નલિયામાં ૬.૨ ડીગ્રી

## ભુજ – ડિસા – જામનગર – ગાંધીનગર સહિતનાં સ્થળોએ પણ ૧૧ ડીગ્રી અને બર્ફીલા પવનો સાથે કડકડતી ઠંડીનો અનુભવ પુરૂ સપ્તાહ જોર રહેશે

રાજકોટ તા.૭

સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં આજરોજ પણ તિવ્ર ઠંડીનું જોર અને ઠંડા પવનો યથાવત રહ્યા હતા. રાજકોટ અને નલિયામાં આજે પણ સિંગલ ડીઝીટમાં તાપમાન નોંધાયુ હતુ. નલિયામાં ૬.૨ ડીગ્રી અને રાજકોટમાં ૯.૮ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

જયારે અમદાવાદમાં ૧૩.૫, વડોદરામાં ૧૪, ભૂજમાં ૧૧, દમણમાં ૧૫.૨, ડિસામાં ૧૧.૯, દિવમાં ૧૨.૨, દ્વારકામાં ૧૪.૯, ગાંધીનગરમાં ૧૧.૫, કંડલામાં ૧૩.૪, ઓખામાં ૧૮.૬, પોરબંદરમાં ૧૩, સુરતમાં ૧૫.૯ તથા વેરાવળ ખાતે ૧૫.૪ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

જયારે અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં ફરી એકવાર ઠંડીનો રાઉન્ડ શરૂ થતાં જન જીવન ઉપર સીધી અસર વર્તાઈ રહી છે, ચાર દિવસ સુધી ઠંડીમાં ઘટાડો નોંધાતા લોકોમાં ભારે રાહત હતી પરંતુ ચાર દિવસના બ્રેક બાદ ફરી ઠંડી શરૂ થતાં માનવ જીવ સાથે પશુઓ પણ ધ્રુજી ઉઠયા છે.

આજેઅમરેલીમાં મહતમ તાપમાન ૨૬.૫, લઘુતમ તાપમાન ૧૨, ભેજનું પ્રમાણ ૫૫ ટકા જયારે પવનની ગતિ ૮.૬ પ્રતિ કલાક નોંધાયેલ છે. જયારે સાવરકુંડલાના આંબરડી ગામે લોકો રાત્રે તાપણાં કરી ઠંડીથી બચી રહ્યા છે. લોકો એ કરેલ તાપણાંમાં મોડી રાત્રે ગાયો અને શ્વાન પરિવાર તાપણાં નજીક બેસી સૂસવાટા મારતાં પવન સાથે કડકડતી ઠંડીથી બચવા જાણે પ્રયાસો કરી રહ્યા હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું. લોકો સાથે પશુઓનો પણ આ પ્રકારે ઠંડીથી બચવા તાપણું કરવાનો નિત્યક્રમ બની ગયો છે.

તેમજ ગોહિલવાડ પંથકમાં આજે સવારે સુસ્વાટા મારતો તેજ પવન ફુંકાતા ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ભાવનગર શહેરમાં આજે સવારે ૩૪ કિ.મી ની ઝડપે ઠંડો પવન ફૂંકાતા લોકો ઠંડીમાં ઠુંઠવાયા હતા. આજે સવારે લઘુતમ તાપમાન ૧૩.૮ ડીગ્રી નોંધાયું હતું જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬% રહ્યું હતું. સુસ્વાટા મારતા ઠંડા પવનને કારણે લોકોએ કટકડતી ઠંડીનો અનુભવ કર્યો હતો. ઉપરાંત જામનગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં લઘુતમ તાપમાનનો પારો ૨ ડિગ્રી નીચે સરકીને ૧૧ ડિગ્રી પહોંચ્યો હતો.જેનાથી પુન કોલ્ડવેવથી જનજીવન ધ્રુજી ઉઠ્યું હતું. સુસવાટા મારતા પવનથી જનજીવન ઉપર સીધી અસર જોવા મળી હતી.

# અમરેલીનાં બહુચર્ચિત લેટરકાંડમાં સીટની રચના

## આરોપી અશોક માંગરોળીયાને સરપંચ પદેથી દૂર કરવા કારણદર્શક નોટીસ

અમરેલી,તા.૭

અમરેલીનાં લેટર કાંડમાં જેલ મુકત થયેલ પાટીદાર સમાજની દીકરીએ પોલીસે પટ્ટાથી મારમાર્યાનો આક્ષેપ કર્યાના બનાવના પંગલે પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે. દીકરીને ન્યાય અપાવવાની પ્રચંડ માંગ ઉઠી રહી છે. ગુજરાત-સૌરાષ્ટ્રનાં અનેક જિલ્લાઓમાં રેલી-આવેદનપત્ર અપાતા આખરે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખેરાને આ બનાવમાં એચઆઈટીની રચના કરવામાં આવી છે.

અમરેલીનાં બહુચર્ચિત લેટર કાંડની તપાસ માટે પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા એસઆઈટીની રચના કરવામાં આવી છે. ટીમનાં અધ્યક્ષ એ.જી. ગોહીલની સાથે મહિલા પીઆઈ ઈન્દુબા ગીડા, પીએસઆઈ બરવાડીયાની ટીમ દ્વારા પોલીસ તંત્ર સામે પ્રિન્ટ મીડિયા અને ઈલેકટ્રોનીકસ મીડિયામાં ધરપકડ કરવામાં આવેલ આરોપીઓ બાબતે પોલીસ વિરૂધ્ધ કરાયેલ આક્ષેપ બાબતે તટસ્થ તપાસ કરવામાં આવશે. અમરેલીનાં બહુ ચર્ચિત લેટર કાંડનાં આરોપી અને જસવંતગઢ ગામનાં સરપંચ અશોકભાઈ માંગરોળીયાને જિલ્લા વિકાસ અધિકારીએ કારણ દર્શકનોટિસ પાઠવીને દિન-૩માં લેખિત ખુલાસો કરવા જણાવેલ છે. નોટિસમાં જણાવેલ છે કે તમો ગ્રામ પંચાયત જશવંતગઢનાં જવાબદાર સરપંચનો હોદો ધારણ કરતા હોય ત્યારે તમારી વિરૂદ્ધ ગુન્હો નોંધાવો તેમજ અટક થયેલ હોય, જાહેર સેવકને ન છાજે તેવું કૃત્ય કરેલ હોય, જે આપનુ નૈતિક અધપતન ગણવાને પુરતુ હોય, ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૫૯ (૧) અન્વયે આપની સામે કાર્યવાહી કરી આપીને સરપંચના હોદા પરથી મોકુફ શા માટે ન કરવા ?

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

## કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલયમાં ટ્રાફિક જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરાયું






કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલય રાજકોટ તથા young indians community ના સંયુકત ઉપક્રમે શાળામાં ટ્રાફિક જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમમાં D.C.P શ્રી પૂજા યાદવ, A.C.P શ્રી જે.બી.ગઢવી સાહેબ તથા R.T.O અધિકારીશ્રી કેતન ખપેડસાહેબએ માર્ગદર્શન આપ્યું હતું. આ ગર્લ્સ સ્કૂલના કાર્યક્રમમાં ૧૧૦૦થી વધારે વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. ટ્રાફિકના નિયમો વિશે સમજ આપવામાં આવેલ. ગુડ સેમેરિટર્ન બાબતે સમજ આપવામાં આવેલ. હિટ એન્ડ રન યોજના બાબતે સમજ આપવામાં આવેલ. ઉપરાંત ટૂ વ્હીલર લઈને આવતા બાળકોને ફરજિયાત હેલ્મેટ અને લાઈસન્સ સિવાય શાળા સંકુલમા વાહન લઈને પ્રવેશ આપવામાં નહી આવે તેમ ત્યાંના પ્રિન્સિપાલશ્રી દ્વારા જણાવેલ છે.

## હાલાર કલબ રાજકોટ દ્વારા અશ્વો માટેની એંડ્યુરેન્સ સ્પર્ધા યોજાશે

રાજકોટઃ રાજકોટ સ્થિત હાલાર ક્લબ મારફત પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ અશ્વોની એંડ્યુરેન્સ રેસનું રાજકોટ કાલાવડ રોડ ઈશ્વરીયા ખાતે તા.૧૧ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ બે દિવસીય ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ માટે રાજકોટ ઉપરાંત સમગ્ર ગુજરાતમાં રહેતા અશ્વ પાલકો અને ચાહકોને પોતાના અશ્વો સાથે સ્પર્ધામાં ભાગ લેવા અપીલ કરાઈ છે.

## સિવિલ હોસ્પિટલમાં ન્યુરો સર્જનની નિમણૂક, ડો. તેજસ ચોટાઈને જવાબદારી સોંપાઈ


રાજકોટઃ રાજકોટ પીડીયુ હોસ્પિટલમાં લાંબા સમયથી માંગણી થતી હતી. આ પ્રશ્ને જસદણ-વીંછિયા વિસ્તારના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સુધી રજૂઆત કરી હતી. તાજેતરમાં રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાતે આવેલા આરોગ્ય મંત્રીએ પણ ખાલી જગ્યા વહેલી તકે ભરવા ખાત્રી આપી હતી. આ પછી આજે આરોગ્ય વિભાગ દ્વારા ડો.તેજસ ચોટાઈની નિમણૂક કરવામાં આવી છે. જેને લઈને ગરીબ દર્દીઓને મગજની બિમારી માટે વિનામૂલ્યે સારવાર મળતી થશે.

## રાજકોટ જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કોટડાસાંગાણીમાં થશે

રાજકોટ જિલ્લા કક્ષાના ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કોટડાસાંગાણીની ઠાકોર મૂળવાજી વિનય કોલેજ ખાતે કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના આયોજન માટે કલેક્ટર કચેરીએ કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને અધિકારીઓની બેઠક મળી હતી. જેમાં નક્કી થયા મુજબ જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં સુરક્ષા જવાનોની પ્લાટુનની પરેડ યોજવાની સાથે વિવિધ વિભાગોના ટેબ્લો, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી કરનાર કર્મયોગીઓને પ્રમાણપત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવશે.

# મુખ્યમંત્રી સમક્ષ નિકાસ વેપાર પ્રોત્સાહન માટે ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલની રચના કરવા સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા રજુઆત

રાજકોટ, તા. ૭ઃ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, સમક્ષ નિકાસ વેપાર પ્રોત્સાહન માટે ‘‘ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ‘‘ ની રચના કરવા સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા રજુઆત કરી જણાવ્યું હતું કે, વિદેશી ગ્રાહકોને નિમંત્રિત કરી ‘‘એસ.વી.યુ.એમ. આંતરરાષ્ટ્રીય વેપાર મેળા‘‘ જેવા પ્રદર્શન દરેક જિલ્લામાં યોજવા જોઈએ.



રાજકોટ ગુજરાત સરકાર વધુને વધુ રોકાણ થાય તે માટે તત્પર છે જે ખુબજ આવકાર દાયક છે. રોકાણ ક્યારે થાય? જ્યારે ઉત્પાદકને પોતે ઉત્પાદન કરશે તે માલ વેચાણની તકો દેખાશે ત્યારે. માંગ વધતા જ ઉત્પાદક ઉત્પાદન ક્ષમતા વધારશે અને તે માટે નવું રોકાણ કરશે.

પ્રશ્ન એ છેકે આજની આ વૈશ્વિક સ્પર્ધામાં વેચાણ કેમ વધારવું? માંગ કેમ વધારવી? આના માટે અગત્યનો રસ્તો છે નિકાસ વેપારમાં વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવા. ચાઈના ની સરકાર વિશ્વના દરેક દેશોની પ્રજાની જરૂરિયાતો સમજી અને તેને જે જરૂરિયાત છે તે ઉત્પાદનો બનાવીને નિકાશ વેપારને આગળ વધારે છે.

શું ગુજરાત સરકાર આવુંના વિચારી શકે? ગુજરાત સરકાર દ્વારા નિકાસ વેપાર પ્રોત્સાહન માટે ‘‘ ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ ની રચના કરવી જોઈએ અને આ કાઉન્સિલનું એક માત્ર કાર્ય વિવિધ દેશોમાં પ્રજાની જરૂરિયાતોનો અભ્યાસ અને તે મુજબના ઉત્પાદનો બનાવવા ઉત્પાદકોને પ્રોત્સાહન આપવું. તદુપરાંત નિકાસ વૃદ્ધિ માટે જે પ્રકારે એસ.વી.યુ.એમ. આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું આયોજન કરવામાં આવે છે તેજ પ્રકારે વિદેશી ગ્રાહકોને નિમંત્રિત કરીને ગુજરાતના તમામ જિલ્લા મથકોએ આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું આયોજન કરવામાં આવે તે માટે સ્થાનિક સંગઠનોને પ્રોત્સાહન અને આર્થિક સહાય આપવી જોઈએ.

રાજકોટમાં અમે છેલ્લા ૧૦ વર્ષથી જે આયોજન કરી રહ્યા છીએ તે દ્વારા નાનામાં નાના MSME એકમો કે જે લાખો રૂપિયા ખર્ચ કરીને વિદેશ નથી જઈ સકતા તેઓને ઘર આંગણે નિકાસ વેપાર વધારવાની તક મળે છે. વિદેશી ગ્રાહકો જે એક અઠવાડિયા માટે આવે છે તે કૈક ને કૈક બિઝનેસ કરીને જાય છે તે અમારો અનુભવ છે.

# વીંછિયામાં પોલીસ પર પથ્થરમાં બે મુખ્ય આરોપીઓને એક દિવસના રિમાન્ડ



અહેવાલ : હુસામુદ્દીન કપાસી–જસદણ

વિંછીયા, તા. ૭: પોલીસ પર પથ્થર મારો કરનાર મુખ્ય આરોપી મુકેશ રાજપરા અને નવનીત સોલંકી ને વિંછીયા નામદાર કોર્ટમાં રજૂ કરવા માં આવ્યા હતા.

પોલીસે કોર્ટ સમક્ષ સાત દિવસ ના રિમાન્ડ માંગ્યા હતા કોર્ટ એક દિવસમાં રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પોલીસે મુકેશ રાજપરા પર ગંભીર આક્ષેપ કર્યા મુકેશ રાજપરા લોકો ને ભેગા કરવા અને લોકોને ઉશ્કેરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

પોલીસે ટોળા સામે ગંભીર કલમો લગાડી જાહેર મીલકતને નુકશાન પોહંચાડવું રાયોટિંગ તેમજ ભારતીય ન્યાય સહિંતાની કલમ અને જી.પી.એ.એક્ટ ૩પની કલમ મુજબ પોલીસે ટોળા સહિત મુખ્ય આરોપી પર ગુન્હો નોંધ્યો

પોલીસે અત્યાર સુધીમાં મુખ્ય આરોપી મુકેશ રાજપરા અને નવનીત સોલંકી સહિત ૬૦ લોકોની ધરપકડ કરી છે. ૫૮ જેટલા આરોપીને ગોંડલ જેલ હવાલે કર્યા હતા.

પોલીસે મુખ્ય આરોપી મુકેશ રાજપરા અને નવનીત સોલંકી રિમાન્ડ દરમિયાન પોલીસ કડક કાર્યવાહી કરાશે સાથેજ મુકેશ રાજપરાએ જે પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ કરી હતી તે કંઈ જગ્યાએ બનાવવામાં આવી હતી અને લોકોને ભેગા કરવામાં કોની કોની મદદ લીધી હતી અને સાથેજ ક્યાં પક્ષના નેતાઓ પડદા પાછળ રહીને વિંછીયા પંથકની શાંતિ ડહોળવાનું કાવતરૂ રચ્યું હતું આ તમામ મુદ્દાઓ ની પોલીસ તપાસ કરાશે અને રિમાન્ડ પૂર્ણ થશે એટલે પોલીસ તપાસમાંશું બહાર આવે છે તેના પર કેટલાક રાજકીય પક્ષ અને જસદણ અને વિંછીયા પંથકના લોકો રાહ જોઈ રહ્યા છે.

## જામજોધપુર નગરપાલિકાએ દબાણ દુર ન કરતા, ગોસ્વામી સમાજ દ્વારા ભુખ હડતાલની ચિમકી



જામજોધપુર, તા. ૭: જામજોધપુર શહેરના ભગવતી પરા વિસ્તારમાં આવેલી દશનામ ગોસ્વામી સમાજની વાડી પાસેનાં ગેર કાયદેસર દબાણ ને દુર કરવા વારંવાર રજૂઆત કરવા છતા, તંત્ર દ્વારા પગલાના લેવાતા અંતે ગાંધી ચિંધ્યા માર્ગે ભુખ હડતાલ ઉપર ઉતરવાની ચિમકી સમાજના પ્રમુખ શૈલેષગિરિ ગોસ્વામી એ ઉચ્ચારી છે. અત્રે ઉલ્લેખનિય છે કે ઈ.સ. ૨૦૧૮મા આ બાબતે સમાજે નગરપાલિકા સામે ભુખ હડતાલ કરી હતી, પરંતુ આખો મામલો કોર્ટમાં પહોંચ્યો હતો, જેનો ચુકાદો પણ દબાણ કરતા વિરોધ આવી ગયો....છતા તંત્ર દ્વારા પગલાના લેવાતા...અંતે સ્થાનીક લોકોને સાથે રાખી, આગામી તા.૧૫-૧ થી આંદોલનના મંડાણ કરવામાં આવશે તેમ સમાજના પ્રમુખ શૈલેષગિરિ ગોસ્વામીએ જણાવેલ છે.

## ચેક રીટર્નના ગુન્હામાં એક વર્ષની સજા ફટકારતી અદાલત





રાજકોટ, તા. ૭: રાજકોટ શહેરમાં વાલ્મીકી સોસાયટી જામનગર રોડ ઉપર રાજુભાઈ મેથજીભાઈ ગોરીએ તેના કૌટુંબીક સંબંધી જયોત્સનાબેન જીલેશભાઈ શીંગાળા રહેવાસી રાજકોટ વાળાને રૂ.૧,૦૦,૦૦૦/- હાથ ઉછીના આપેલ અને આરોપીએ ફરીયાદીને એક લાખ રૂપીયાનો ચેક આપેલ. આ ચેક બેંકમાં ભરતા પરત ફરેલ. ફરીયાદીએ આરોપીને લીગલ નોટીસ આપેલ. તેમ છતા નાણા પરત ન કરતા કોર્ટમાં નેગોશીપેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કેસ દાખલ કરેલ. જે કેસ ચાલી જતા જયોત્સનાબેન શીંગાળાને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ એક માસની અંદર ચુકવવાનો આદેશ નામદાર અદાલતે હુકમ કરેલ હતો.

આરોપી જયોત્સનાબેન સતત કોર્ટમાં ગેરહાજર રહેલ. વોરંટના સ્ટેજે લાઈ જઈ ઈરાદા પૂર્વક ટ્રાયલમાં વિલંબ કરેલ છે. આરોપીના આવા કૃત્યથી કોર્ટની કાર્યવાહી મોકુફ રાખી શકાય નહી. રેકર્ડ ઉપરથી સમગ્ર મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ખાને લેતા ૦ રીચાદ વાળો ચિક હાથ ઉછીની લીધેલ રકમ પૈકીનો રેકર્ડ ઉપરથી પુરવાર થાય છે અને ફરીયાદીએ પોતાની બેંકમાં ચેક રજુ કરતા વગર સ્વીકારેલ પરત આવેલ, હરીયાદી આરોપીને કાયદેસરની ડીમાન્ડ નોટીસ મોકલેલ. ફરીયાદી જ્યારે પોતાનો કેસ સાબીત કરવા સફળ રહેલ છે અને કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરવા નીવડેલ નિલિક્ષ હોય ત્યારે કાયદામાં ૭૨ માવેશ સજા કેટલી કરવી જોઈએ તે ધ્યાને લઈ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ હેઠળ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના નીસપુર્ણ થતા હોય આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને ફરીયાદીને વળતર પેટેની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ તો વધુમાં છ મહિનાની સજા ફરમાવતો નામદાર કોર્ટે હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં હરીયાદી રાજુ મેઘજીભાઈ ગૌરી તરફે રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી દીલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી રોકાયેલ હતા.

# ૨૨ જાન્યુઆરીએ વીરદાદા જશરાજજીની પુણ્યતિથિ નિમિત્તે રેસકોર્સ ખાતે મહાપ્રસાદનું આયોજન

- રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના મધ્યસ્થ કાર્યાલયનો પ્રારંભ
- મહંત જયરામદાસજી મહારાજે દીપ પ્રાગટ્ય કરી કાર્યાલય ખુલ્લુ મુક્યુઃ ધારાસભ્ય જીતુ સોમાણી સહિત રઘુવંશી અગ્રણીઓ ઉમટી પડ્યા
- મહિલા સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમોનું યોજાશેઃ શનિવારે હનુમાન ચાલીસાના પાઠનું આયોજન




રાજકોટ, તા. ૭ઃ ગૌરક્ષક-ધર્મરક્ષક વીરદાદા જશરાજ શૌર્ય દિનની ઉજવણી રઘુવંશી જ્ઞાતિઓ દર વર્ષે ઉજવે છે ત્યારે આગામી તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ને બુધવારના રોજ પરમ પૂજ્ય વીર દાદા જસરાજજી ૯૭૭મી પુણ્યતિથિ નિમિત્તે રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા વીરદાદા જશરાજ નગર રેસકોર્સ મેદાન ખાતે જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે સમાજના તમામ વર્ગના લોકો, સંસ્થા, મંડળોને એક તાંતણે બાંધી, અલગ અલગ સમિતિની રચના કરવામાં આવી છે. જ્ઞાતિજનોની કાર્યક્ષમતા પ્રમાણે કાર્યની વહેંચણી થઇ શકે તેમજ સમાજના વડીલો,તેમજ આગેવાનોના માર્ગદર્શન મળી રહે તે માટે રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા તા. ૫ જાન્યુઆરીને રવિવારના રોજ પરમ પૂજ્ય મહંત જયરામદાસજી મહારાજના વરદ હસ્તે જાગનાથ મંદિર ચોક, યાજ્ઞિક રોડ ખાતે કાર્યાલયનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જયરામદાસજી મહારાજે રઘુવંશી સમાજને એમના પ્રવચનમાં કહ્યું કે, રઘુવંશી સમાજને એક થવાનો સમય આવી ગયો છે સમાજનો કોઈ માણસ કોઈ પણ રીતે દુઃખી હોય ત્યારે તેની પડખે હજાર માણસ હોવા જોઈએ અને કોઈ માણસ ખાલી પૈસા દઈને કે મહેનત કરીને છૂટી નથી જતો સમાજના દરેક વ્યક્તિ પ્રત્યે તેની બાજુમાં ઊભું રહેવું જરૂરી છે અને સમાજના દરેકની પહેલી ફરજ છે.

રઘુવંશી પરિવાર મહિલા સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમોનો પણ આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૧૧ને શનિવારે હનુમાન ચાલીસાના પાઠનું પણ આયોજન કરવામાં આવેલ છે જેમાં મોટી સંખ્યામાં રઘુવંશીઓ ઉપસ્થિત રહે તેવી અપીલ કરવામાં આવી છે. રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના મધ્યસ્થ કાર્યાલયના પ્રારંભ પ્રસંગે વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઇ સોમાણી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસક પક્ષ દંડક મનીષભાઇ રાડીયા, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઇ પુજારા, હસુભાઇ ભગદેવ, દિનેશભાઈ કારીયા પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્રભાઈ મીરાણી, હરીશભાઇ લાખાણી, કિશોરભાઈ કોટક અજયભાઈ કારીયા, કાળુ મામા, મનુભાઈ જોબનપુત્રા શાંતુભાઈ રૂપારેલીયા હસુભાઈ ચંદારાણા, અશ્વિનભાઈ બગડાઈ, હરેશભાઈ દાસાણી, બીપીનભાઈ કેસરીયા, ઘનશ્યામભાઈ ઠક્કર, બાલાભાઈ કક્કડ, કિરીટભાઈ પાંધી, ભરતભાઈ રૂપારેલીયા, ચંદુભાઈ રાચ્છ, દિલીપભાઈ પુજારા, બાલાભાઈ પોપટ, હિરેનભાઈ ખખ્ખર, ચંદુભાઈ રાયચુરા, કિર્તીભાઈ ગોટેચા, કોર્પોરેટર દક્ષાબેન વસાણી, કોર્પોરેટર વર્ષાબેન પાંધી, શિલ્પાબેન પુજારા તેમજ બહોળી સંખ્યામાં બહેનો હાજર રહી તન મન ધનથી સહકાર આપવા સંકલ્પ કર્યો હતો. જ્યારે સૌ પ્રથમ પરમ પૂજ્ય મહંત જયરામદાસજી મહારાજ દ્વારા યોજનાર મહાપ્રસાદમાં તુલસી પાન ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું.

# PGVCLએ ડિસેમ્બરમાં ૨૮ કરોડની વીજચોરી ઝડપી

## ■ સૌરાષ્ટ્ર-કચ્છના ૭,૬૬૮ વીજ જોડાણોમાં ગેરરીતિ ઝડપાઈ, છ મોટા વેપારીઓને લાખોનો દંડ



રાજકોટ, તા. ૭: ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન પીજીવીસીએલ હેઠળના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વીજચોરી પકડવા વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવેલ હતી. જેમાં કુલ ૭,૬૬૮ વીજ જોડાણો વિરૂધ્ધ કાર્યવાહી કરી ૨૮.૯૭ કરોડના વીજચોરીના બિલ આપવામાં આવેલ છે. ગેરરીતીમાં ડાયરેક્ટ લંગર, વાયરથી મીટર બાયપાસ, ટેરીફ ચેન્જ, લોડ વધારો, વગેરે જોવા મળેલ હતી.

પીજીવીસીએલ દ્વારા વીજચોરી પકડવા વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. તે દરમિયાન ડિસેમ્બરમાં ૭૭૬૮ કેસોમાં ૨૮.૯૭ કરોડની વીજચોરી પકડાઈ છે. જેમાં અમરેલીમાંથી ૨.૨૪ કરોડ, અંજારમાંથી ૪.૪૬ કરોડ, ભાવનગરમાંથી ૪.૮૦ કરોડ, ભૂજમાંથી ૧.૩૪ કરોડ, બોટાદમાંથી ૧.૨૧ કરોડ, જામનગરમાંથી ૪.૭૮ કરોડ, જૂનાગઢમાંથી ૧.૦૫ કરોડ, મોરબીમાંથી ૦.૯૬ કરોડ, પોરબંદરમાંથી ૧.૮૭ કરોડ, રાજકોટ સિટીમાંથી ૧.૬૨ કરોડ, રાજકોટ રૂરલમાંથી ૨.૩૨ કરોડ અને ભાવનગરમાંથી ૨.૩૨ કરોડ એમ કુલ ૨૮.૯૭ કરોડની વીજ ચોરી પકડાઈ હતી.

જે અંતર્ગત અંજાર વર્તુળ કચેરી હેઠળના કડોલ ગામમાં મામદ જાનમામદ જુણેજા ઔદ્યોગિક હેતુના સોલ્ટ વર્કસમાં મીટર બાયપાસ કરી વીજ વપરાશ કરતા માલુમ પડતા રૂ. ૯૬ લાખના, અમરેલી વર્તુળ કચેરી હેઠળના અબસંગ ગામમાં મેણસીભાઈ સાર્દુલભાઈ વાઘ ઔદ્યોગિક હેતુના દૂધની ડેરીમાં મીટર ટેમ્પર કરી વીજ વપરાશ કરતા માલુમ પડતા રૂ. ૩૮.૫૬ લાખના, જામનગર વર્તુળ કચેરી હેઠળના જામનગર શહેરમાં ચેતરીયા પ્રવિણભાઈ કરશનભાઈ (આમાત્ય ગ્લોબલ આઈટી સોલ્યુશન), વાણિજ્ય હેતુના શૈક્ષણિક વર્ગોમાં ડાયરેક્ટ વીજપોલમાં કેબલ જોડી મીટર બાયપાસ કરી વીજ વપરાશ કરતા માલુમ પડતા રૂ. ૨૮ લાખના, ભાવનગર વર્તુળ કચેરી હેઠળના નાના અસરાણા ગામમાં મનુભાઈ દાનાભાઈ, વાણિજ્ય હેતુના ઓઈલ મિલ અને વેલ્ડીંગ વર્કસમાં મીટરના સીલો ટેમ્પર કરી વીજ વપરાશ કરતા માલુમ પડતા રૂ. ૨૭ લાખના અને નેસવડ ગામમાં અલ્પેશ દુલાભાઈ જાચાણી, વાણિજ્ય હેતુના વાણિજ્ય હેતુના પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝમાં મીટરના સીલો ટેમ્પર કરી વીજ વપરાશ કરતા માલુમ પડતા રૂ. ૨૪.૮૯ લાખના અને રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી હેઠળના રામપર બેટી ગામમાં પ્રભાતભાઈ રામભાઈ લોખિલ, વાણિજ્ય હેતુના સેન્ડ વોશ પ્લાન્ટમાં ડાયરેક્ટ ટ્રાન્સફોર્મરમાં કેબલ જોડી મીટર બાયપાસ કરી વીજ વપરાશ માલુમ પડતા રૂ. ૨૧.૫૦ લાખના વીજચોરીના બિલ આપવામાં આવ્યા છે.

# વેરા વિભાગની કડક કાર્યવાહીઃ રાજકોટમાં મોબાઈલ ટાવર કંપનીઓ સામે સીલીંગની કાર્યવાહી




રાજકોટ, તા. ૭: રાજકોટ મનપાની વેરા વસુલાત શાખા દ્વારા તાજેતરમાં બાકી વેરા માટે સરકારી કચેરીઓ સાથે પણ મિટિંગ કરવામાં આવી હતી. ત્યારે લાંબા સમયથી વેરો નહીં ભરતી મોબાઈલ ટાવર કંપનીઓ સામે પણ સીલીંગના પગલા શરૂ કરી દેવામાં આવ્યા છે. આજે વેરા શાખાએ સામાકાંઠા વિસ્તારમાં વોર્ડ નં. ૪માં મોરબી રોડ, ભગવતી પરા સહિતના વિસ્તારમાં આવેલ બીએસએનએલના ૨ અને જિયો કંપનીના ૫ મળી ૭ ટાવરને સીલ કરી દીધા હતા. જોકે, મોબાઈલ નેટવર્ક પર તેની કોઈ અસર પડશે નહી, પરંતુ કોઈ ટેકનિકલ ફોલ્ટ સર્જાય તો કંપનીનો સ્ટાફ ટાવરમાં રીપેરીંગ કે ચકાસણી જેવી કોઈ કાર્યવાહી સીલ હોવાના કારણે કરી શકશે નહીં.

પ્રાપ્ત વિગત મુજબ વેરા વસૂલાત વિભાગની ટીમો દ્વારા પૂર્વ ઝોનમાં વોર્ડ નં.૪માં ભગવતીપરા મેઈન રોડ ઉપર યદુનંદન સોસાયટીમાં આવેલ જિયો ટાવરને સીલ મરાયા હતા. ઉપરાંત ભગવતીપરાની સુખસાગર સોસાયટીમાં બીએસએનએલ અને અન્ય જિયો ટાવરને સીલ કરી દેવાયા હતા. આજ રીતે મોરબી રોડ અને કુવાડવા રોડ પર જિયોના અન્ય ૩ અને બીએસએનએલના ૧ ટાવરને સીલ કરી દેવાયા હતા. જેને પગલે કંપનીના સ્ટાફ દ્વારા દોડધામ શરૂ થઈ છે.

ઉપરાંત જુના રાજકોટના વોર્ડ નં.૩માં મોચીબજારમાં એક દુકાન, ભીચરી નાકે એક દુકાન, વોર્ડ નં.૭ના સોની બજારના વૈભવ કોમ્પ્લેક્સમાં એક, દર્શન કોમ્પ્લેક્ષમાં ૧, બંસીધર કોમ્પ્લેક્સમાં એક મિલકત સીલ કરાઈ હતી. વોર્ડ નં.૩ના મોચીબજારમાં પણ એક સીલ મારવામાં આવ્યું છે. તેમજ વોર્ડ નં.૫ના સંતકબીર રોડ, આરટીઓ રોડ, હુડકો રિંગ રોડ પર નળ કનેકશન કાપતા રીકવરી થઈ હતી. સંત કબીર રોડના શ્રી હરિ કોમ્પ્લેક્સમાં પણ બે દુકાનને સીલ કરાઈ હતી. વોર્ડ નં.૧૫માં ભાવનગર રોડ પર પણ એક મળી આજે કુલ ૧૫ મિલકત સીલ કરવામાં આવી હતી. જ્યારે વોર્ડ નં.૧૬માં રીકવરી થઈ હતી.

# રાજકોટમાં સૌરાષ્ટ્રનાં સવા લાખ મહિલા, નિવૃત્ત આર્મીમેન કોન્સ્ટેબલ-PSI બનવા દોડની પરીક્ષા આપશે

■ મવડી પોલિસ હેડ ક્વાર્ટર મેદાનમાં તૈયારીઓ પૂર્ણ





રાજકોટ, તા. ૮: રાજકોટ સહિત રાજ્યભરમાં આવતીકાલથી પોલીસ કોન્સ્ટેબલ અને PSI બનવા માટેની શારીરિક કસોટી શરૂ થઈ રહી છે. ત્યારે રાજકોટમાં મવડી પોલીસ હેડ ક્વાર્ટર ખાતેના મેદાનમાં આ પરીક્ષા માટેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આવતીકાલે પ્રથમ દિવસે ૭૦૦ મહિલા ઉમેદવારો આ પરીક્ષા આપશે અને ત્યારબાદ દૈનિક સંખ્યા વધીને ૨૨૦૦ જેટલી થઈ જશે. માર્ચ મહિના સુધીમાં સવા લાખ જેટલા ઉમેદવારો કોન્સ્ટેબલ અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર બનવા માટે દોડની પરીક્ષા આપશે.

રાજકોટના મવડી પોલીસ હેડ ક્વાટર ગ્રાઉન્ડ ખાતે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. અહીં સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધી મહિલા ઉમેદવારોની એન્ટ્રી કરવામાં આવશે. જેમાં આવતીકાલે પ્રથમ દિવસે ૭૦૦ જેટલા ઉમેદવારો શારીરિક ટેસ્ટ માટે નોંધાયેલા છે. જવાની સવારે એન્ટ્રી બાદ તમામ ઉમેદવારોને ચેસ નંબર આપવામાં આવશે અને ત્યારબાદ તેના પગમાં ડિજિટલ ચીપ બેસાડવામાં આવશે. જેના આધારે તેની દોડ ચોક્કસ કેટલી મિનિટમાં પૂર્ણ થાય છે તે જોઈ શકાશે. જો મહિલા ઉમેદવારોએ ૯.૩૦ મિનિટમાં દોડ પૂર્ણ કરી હશે તો બાદમાં તેનુ વેઈટ અને હાઈટ માપવામાં આવશે અને તે બાદ તેઓની ટેસ્ટ પૂર્ણ થશે. આ પ્રકારે માર્ચ મહિના સુધી એટલે કે લગભગ બે માસ સુધી શારીરિક ક્ષમતા કસોટી લેવામાં આવશે.

જેની વ્યવસ્થા માટે ACP, PI સહિત ૧૦૮ પોલિસ જવાનોનો સ્ટાફ તૈનાત રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત ૬૦ જેટલા ઓપરેટર ભાઈઓ અને બહેનો એડમિનિસ્ટ્રેશનમાં રહેશે. આ સાથે જ ૩ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ રાખવામાં આવશે. સાથે જ સિવિલ હોસ્પિટલના ૧૫ જેટલા તબીબોની ટીમ પણ અહીં મુકાશે. કોઈપણ ઉમેદવારોની દોડ દરમિયાન તબિયત લથડશે તો તેઓને અહીંના મીની દવાખાનામાં પ્રાથમિક સારવાર આપી શકાશે.


રાજકોટમાં છેલ્લા ૧૦ વર્ષથી પોલીસ સહિતની સ્પર્ધાત્મક પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને તૈયારી કરાવતા એક્સપર્ટ દિનેશ કણેતે જણાવ્યું હતું કે, રાજ્યના પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૧૨,૪૭૨ જગ્યાઓ માટે ૮ મહિના પહેલા જાહેરાત બહાર પાડવામાં આવી હતી. જેમાં ૧૨૦૦૦ જેટલી કોસ્ટેબલ અને ૪૭૨ પીએસઆઇની જગ્યા ઉપર ભરતી કરવામાં આવનાર છે. જે માટે રાજ્યમાંથી ૧૦ લાખ જેટલાં ઉમેદવારોએ અરજી કરી હતી.

આવતીકાલથી તેના માટેની શારીરિક કસોટી શરૂ થઈ રહી છે. જેમાં પુરુષ ઉમેદવારોએ ૨૫ મિનિટમાં ૫૦૦૦ મીટર એટલે કે ૫ કિલોમીટરની દોડ પૂર્ણ કરવાની છે. મહિલા ઉમેદવારોએ ૯.૩૦ મિનિટમાં ૧૬૦૦ મીટર દોડ પૂર્ણ કરવાની રહેશે. માજી સૈનિકોએ ૧૨.૩૦ મિનિટમાં ૨૪૦૦ મીટરની દોડ પૂર્ણ કરવાની રહેશે. અગાઉ પોલીસ ભરતી માટેની જે પરીક્ષા યોજાતી હતી તેમાં શારીરિક કસોટીના માર્ક હતા, પરંતુ વર્તમાનમાં જે પરીક્ષા યોજાઈ રહી છે તેમાં શારીરિક કસોટીના કોઈ માર્ક નથી. તે માત્ર ક્વોલિફાઈંગ ટેસ્ટ છે.

બાદમાં લેવાનારી લેખિત પરીક્ષામાં માર્કના આધારે મેરીટ બનશે. જેમાં પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષામાં ૨૦૦ માર્કની ટેસ્ટ હશે. જે લેખિત પરીક્ષા હશે. જ્યારે પોલીસ સબ ઈન્સ્પેક્ટર બનવા માટેની લેખિત પરીક્ષામાં ૩૦૦ માર્કસનું પેપર રહેશે. જેમાં ૧થી ૨૦૦ માર્કના MCQ હશે તો ૧૦૦ માર્કની લેખિત પરીક્ષા હશે.

જે ફેરફાર આ વખતે પ્રથમ વખત આવ્યો છે. આ ઉપરાંત આ વખતે સમગ્ર પરીક્ષામાં પારદર્શકતા રહે તે માટે એક જિલ્લાના વિદ્યાર્થીઓને અન્ય જિલ્લામાં પરીક્ષા આપવા માટે જવાનું આયોજન છે. જેમાં રાજકોટ શહેર અને જિલ્લાના વિદ્યાર્થીઓને અન્ય જિલ્લામાં પરીક્ષા આપવા જવાનું રહેશે. જ્યારે રાજકોટમાં પરીક્ષા આપવા આવનાર મહિલા ઉમેદવારો અને માજી સૈનિકો સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લાઓમાંથી હશે. ઓપરેટર ભાઈઓની વિનંતિ હતી કે, જો મહિલા ઉમેદવારો અને તેના વાલીઓ માટે સુવાની વ્યવસ્થાના ભાગરૂપે મંડપ બાંધી દેવામાં આવે ઉપરાંત બસ સ્ટેશન કે રેલવે સ્ટેશનથી અહીં આવવા જવા માટે કોઈ બસ મૂકવામાં આવે તો વિદ્યાર્થીઓની તકલીફ દૂર થાય.

# રઘુવંશી સમાજનો હિરલો શ્રી કિરીટભાઈ કેસરિયા



**રાજકોટમાં વસતા રિટાઇડ બેન્કર્સ અનોખી સેવા whatsapp ગ્રુપના માધ્યમથી રઘુવંશી સમાજની અનોખી સેવા કરતા સેવાભાવિની સાર્વત્રિક સરાહના**

રાજકોટ, તા. ૮: માત્ર સૌરાષ્ટ્રમાં નહીં પરંતુ દેશ-વિદેશમાં વફર્તિફા ગ્રુપના માધ્યમથી અસંખ્ય દીકરા દીકરીઓના જેમણે સગપણ કરાવ્યા તેવા શ્રી કિરીટભાઈ કેસરિયાના વખાણ કરીએ એટલા ઓછા છે. કિરીટભાઈ હર હંમેશ રઘુવંશી સમાજ માટે તત્પર રહેતા તેમજ સમાજના દરેક દીકરા તેમજ દીકરીઓને પોતાના સમજી અને જરૂરિયાત ઊભી થાય ત્યાં સાથે આવી હજારો દીકરા દીકરીના નિમિત બન્યા છે ડોક્ટર એન્જિનિયર ચાર્ટર્ડ એકાઉન્ટ તેમજ હાયર એજ્યુકેશન ધરાવતા અનેક દીકરા દીકરીઓની બાયોડેટા થોકડા બંધ મગજમાં રાખી અને અવિરત સેવા આપી પોતાનું નામ સૌરાષ્ટ્રમાં ગુંજતું કર્યુ છે

whatsapp સેવા આપી મેરેજ બ્યુરો તમારી મુઠ્ઠીમાંને તમારી આંગળીના ટેરવે તમારા સંતાનોના સંબંધો કરો આવું કહેતા શ્રી કિરીટભાઈ કેસરિયા એકવખત દર્શનીય છે.

### મારી યોજના“ પોર્ટલ સરકારશ્રીની વિવિધ યોજનાની માહિતી ફક્ત ‘‘એક ક્લિકથી‘‘...

# “રાજ્યના પ્રત્યેક નાગરિકને જનકલ્યાણલક્ષી યોજનાઓના લાભ સત્વરે પૂરા પાડવા એ જ અમારી પ્રાથમિકતા”: મુખ્યમંત્રી


## ૨૬ વિભાગોની ૬૮૦થી વધુ યોજનાઓની જાણકારી આંગળીના ટેરવે ઉપલબ્ધ

રાજકોટઃ રાજ્યના તમામ નાગરિકો સરકારની વિવિધ જનકલ્યાણલક્ષી યોજનાઓ અને સેવાઓની માહિતી સરળતાથી મેળવી શકે તે હેતુસર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના વરદહસ્તે ગાંધીનગર ખાતેથી સુશાસન દિવસ નિમિત્તે ‘‘મારી યોજના’’ પોર્ટલનો શુભારંભ કરાયો હતો. આ પોર્ટલમાં ૨૬ વિભાગોની ૬૮૦ જેટલી યોજનાઓની જાણકારી ફક્ત એક ક્લિકથી મેળવી શકાશે.

‘‘મારી યોજના’’ પોર્ટલમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓની માહિતી ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. ‘‘મારી યોજના‘‘ પોર્ટલને લેપટોપ, મોબાઈલ, ટેબલેટ સહિતના ડિવાઈસમાં સર્ચ કરતા સૌપ્રથમ પોર્ટલનું હોમ પેજ ખુલશે. જેમાં ‘‘તમારી યોજના શોધો’’ ટેબ અન્વયે આવાસ, શિષ્યવૃતિ, આરોગ્ય સહિત જે-તે લાગુ પડતી યોજનાનો શબ્દ લખી સર્ચ બટન પર ક્લિક કરતા તે વિષયને લગતી યોજનાઓનું લીસ્ટ ખુલી જશે. પોર્ટલના હોમપેજ પર ન્યુ સ્કીમ બટન પર ક્લિક કરતા વર્તમાનમાં શરૂ થયેલી નવી યોજના અંગેની માહિતી ઉપલબ્ધ થશે.

પોર્ટલના હોમપેજને સ્કોલ કરતા યોજનાઓ, સેવાઓ પ્રમાણપત્ર, સેક્ટર પ્રમાણે તથા વિભાગવાર યોજના સહિતના ૧૭ ઓપ્શન આપવામાં આવ્યા છે. જેમાં સંબંધિત યોજનાને શોધીને જરૂરી માહિતી મેળવી નાગરિકો સહાયનો લાભ લઇ શકે છે. ઉપરાંત સમાજ કલ્યાણ, શિક્ષણ, ખેતી, રમતગમત, રોજગાર, પશુપાલન સહિતના સેક્ટર મુજબ વ્યક્તિની જરૂરિયાતો અને પાત્રતાના આધારે યોજનાની માહિતી મેળવી શકાય છે.

ત્યારબાદ, હોમપેજને સ્ક્રોલ કરતાં પોર્ટલ સંબંધિત વિડીયો અને યોજનાને શોધવાની સરળ રીતના એક્સપ્લોર બટન પર ક્લિક કરતાં વ્યક્તિગત યોજનાનું પેજ ખુલશે જેમાં વ્યક્તિએ જરૂરી વિગતો ભરીને સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે.https://mariyojana.gujarat .gov.in પોર્ટલ મારફતે આશરે ૮૮,૦૦૦થી વધુ લોકો વિવિધ યોજનાઓ અંગે જાણકારી મેળવી ચુક્યા છે.




# ખેલ મહાકુંભ ૩.૦ રાજકોટમાં ઝોન-૧ તથા ઝોન-૨ની સ્પર્ધામાં ૨૮૧ રમતવીરો વિજેતા

## ઝોન–૧માં ૧૪૪ જ્યારે ઝોન–૨માં ૧૩૭ સ્પર્ધકો એકથી ત્રણ ક્રમે વિજેતા બન્યા



રાજકોટઃ ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજકોટ એથ્લેટિક્સ ગ્રાઉન્ડમાં ગત રોજ યોજાયેલી ઝોન-૧ તથા ઝોન-૨ની વિવિધ સ્પર્ધાઓમાં કુલ મળીને ૨૮૧ રમતવીરો વિજેતા બન્યા છે. જેમાં ઝોન-૧માં ૧૪૪ રમતવીરો જ્યારે ઝોન-૨માં ૧૩૭ ખેલાડીઓએ એકથી ત્રણ ક્રમમાં આવ્યા છે.

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકામાં કુલ ૯૪,૫૩૩ ખેલાડીઓ તથા રાજકોટ ગ્રામ્યમાં કુલ ૧,૮૯,૨૭૨ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ રમતોત્સવમાં ગત રોજ રાજકોટના એથ્લેટિક્સ ગ્રાઉન્ડમાં રાજકોટના ઝોન-૧ તથા ઝોન-૨ના રમતવીરોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને ૧૭ તેમજ ઓપન કેટેગરીના ખેલાડીઓએ ઝુકાવ્યું હતું. ગત રોજ એથેટીક્સમાં 30 મીટરથી લઈને 3000 મીટર સુધીની વિવિધ અંતરની દોડની સ્પર્ધાઓ, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, ઊંચી કુદ, લાંબી કુદ તેમજ ગોળા ફેંક, ચક્ર ફેક તથા બરછી ફેકની સ્પર્ધાઓ થઈ હતી. જેના પરિણામ સામે આવ્યા છે.

એથ્લેટિક્સ ઝોન-૧માં કુલ મળીને ૭૯ બોય્ઝ તથા ૬૫ ગર્લ્સે પ્રથમથી તૃતિય ક્રમાંક હાંસલ કર્યો હતો. ઝોન-૧માં કુલ મળીને ૧૪૪ ખેલાડીઓ વિજેતા બન્યા છે. જ્યારે ઝોન-૨માં ૭૨ બોય્ઝ અને ૬૫ ગર્લ્સે મળીને કુલ ૧૩૭ ખેલાડીઓએ પ્રથમથી તૃતિય ક્રમાંક હાંસલ કર્યો છે. બંને ઝોનમાં કુલ મળીને ૨૮૧ ખેલાડીઓ વિજેતા બન્યા છે.

ઝોન-તાલુકા કક્ષાએ સ્પર્ધામાં વિજેતા ખેલાડીમાં, વ્યક્તિગત રીતે પ્રથમ વિજેતાને રૂ.૧૫૦૦, દ્વિતીય વિજેતાને રૂ. ૧૦૦૦ તથા તૃતિય વિજેતાને રૂ.૭૫૦નો રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

# HMPV એલર્ટઃ સિવિલ હોસ્પિટલમાં અલાયદો વોર્ડ

## વેન્ટીલેટર સાથેના ૧૦ બેડ તૈયારઃ જરૂર પડ્યે આનુસાંગિક સુવિધાઓ ઉભી કરાશે



રાજકોટ,તા.૮

ચીનમાંથી ફેલાયેલ કોરોના વાયરસ હજુ પણ દુનિયા માટે એક રહસ્ય બનીને રહ્યો છે. એવામાં ચીને ફરી એકવાર ખતરાની ઘંટડી વગાડી દીધી છે. ચીનમાં ફરીથી રેસ્પિરેટરી ડિસીઝ સામે આવ્યો છે. આ નવા વાયરસનું નામ હ્યુમન મેટાપ્ન્યુમોવાયરસ () છે. કોરોના બાદ ચીનથી વધુ એક વાયરસ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી શકે છે.

ભારતમાં પણ આ નવા વાયરસના ત્રણ કેસ નોંધાયા છે જેમાંથી એક કેસ ગુજરાતમાં પણ નોંધાયો છે.ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે. આ અંગે સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. મોનાલી માકડિયાએ જણાવ્યું હતું કે એચ.એમ.પી.વી વાયરસને અનુષંધાને નવી એમ.સી.એચ. બિલ્ડીંગમાં એચ.ડી.યુ વિભાગ ખાતે ૧૦ ઑક્સીજન અને વેન્ટિલેટર સાથે બેડ તૈયાર કરીને રિઝર્વ રાખવામા આવેલ છે. જરૂર પડ્યે વધુ બેડની જરૂરિયાત ઊભી થાય તો તુરંત પહોંચી વળવા માટે વધારાની સુવિધા પણ ઊભી કરવામાં આવશે. એચ.એમ.પી.વી વાયરસ માટેની ટેસ્ટ હોસ્પીટલમાં જ થઈ શકે તે માટે જરૂરી કીટની ખરીદી અને બીજી અનુસાંગીક પ્રક્રિયા કરવામાં આવી છે.

# સંક્રાંતિ પૂર્વે ચીકી બજારમાં ત્રાટકતું ફુડ તંત્રઃ પાંચ નમુના લેવાયા

## પારેવડી ચોક, ભગવતીપરા, સહકાર રોડ પર કચરીયું, રાજગરાના લાડુનું પણ સેમ્પલીંગઃ ચોકોબાઇટ, દાબેલીવાલે, સિધ્ધેશ્વર ઢોસાને નોટીસ






રાજકોટ, તા. ૭

શિયાળાની સિઝનમાં અને ખાસ કરીને સંક્રાંતિ પૂર્વે ચીકી બજારમાં ધુમ ખરીદી ચાલુ છે ત્યારે મનપા આરોગ્ય વિભાગે પારેવડી ચોક સહિતના વિસ્તારમાં ૧૦ દુકાનમાં ચેકીંગ કર્યુ હતું અને જુદી જુદી ચીકીના પાંચ સેમ્પલ લઇને લેબોરેટરીમાં મોકલ્યા છે.

મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા હાલમાં મકરસંક્રાંતીના તહેવારોને અનુલક્ષીને લોકો દ્વારા પુષ્કળ ખરીદાતી ચીકીના ઉત્પાદકો તથા વેપારીઓને ત્યાં સઘન ચકાસણી શરૂ કરાઇ છે જેમાં (૧) મોમાઇ ચીકી-પારેવડી ચોક, (૨)શિવ ચીકી-પારેવડી ચોક, (૩) જય બજરંગ લાઈવ ચીકી-પારેવડી ચોક, (૪)જય સિયારામ ચીકી-પારેવડી ચોક, (૫)જય જલારામ ચીકી- પારેવડી ચોક, (૬)પાર્થ ચીકી-પારેવડી ચોક, (૭)જય શંકર ચીકી-ભગવતી પરા, (૮)ક્રિષ્ના સિઝન સ્ટોર-સહકાર મેઈન રોડ (૯)સંતોષ સિઝન સ્ટોર- સહકાર મેઇન રોડ (૧૦)સોનલ સિઝન સ્ટોર-સહકાર મેઈન રોડ પર તપાસ કરી પાંચ નમુના લેવામાં આવ્યા છે.

જે નમુના લેવાયા તેમાં પારેવડી ચોકમાંથી (૧) તલનું કચરીયું-મોમાઇ ચીકી, (૨) તલ ચીકી-શિવ ચીકી, (૩) શીંગ ચીકી-જય બજરંગ લાઈવ ચીકી, (૪) રાજગરાના લાડુ-જય સિયારામ ચીકી, (૫) ચાંદની પાર્ક-પાર્થ ચીકીનો સમાવેશ થાય છે.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન નાનામવા ચોકમાં આવેલ સિધ્ધેશ્વર ઢોસામાં તપાસ કરી કરતા પેઢીને લાયસન્સ મેળવવા તથા હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ અપાઇ છે. જયારે આ જ રોડ પર આવેલ દાબેલી વાલે દુકાનને પણ લાયસન્સ તથા હાઈજેનિક કન્ડિશન જાળવવા નોટીસ અપાઇ હતી. નાના મવા રોડ પર ગોલ્ડન વ્યૂ કોમ્પલેક્ષમાં આવેલ ચોકો બાઇટ પેઢીને પણ આવી જ નોટીસ અપાઇ છે.

આ સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સાંઇબાબા સર્કલ થી ભવાની ચોક કોઠારીયા વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૪ ધંધાર્થીઓને ત્યાં ૨૪ નમુનાની ચકાસણી કરી ૧૧ ધંધાર્થીને નોટીસ અપાઇ હતી. તેમાં (૧)દર્શન ઘૂઘરા (૨)ભોલેનાથ આઇસ્ક્રીમ (૩)માધવ ડેરી ફાર્મ (૪)રામદેવ ડેરી ફાર્મ (૫)શ્રીજી આઇસ્ક્રીમ (૬)ફ્લેવર સોડા શોપ (૭)શ્યામ ગાંઠિયા (૮)ન્યુ બોમ્બે સ્ટાઈલ પાણિપુરી (૯)ફ્યૂઝન ઢોસા (૧૦)રામ પાણિપુરી (૧૧)શ્રી કુંભાણીયા ગાંઠિયાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત (૧૨)જે ભગવાન ભૂંગળા બટેટા (૧૩)બાલાજી ઘૂઘરા (૧૪)જલારામ વડાપાઉં (૧૫)શ્રી ખોડલ પાણિપુરી (૧૬)મહાવીર ફરસાણ (૧૮)નંદનવન ડેરી ફાર્મ (૧૯)રિદ્ધિ એન્ટરપ્રાઇઝ (૨૦)મટુકી ફરસાણ (૨૧)મિલન ભેળ (૨૨)રામદેવ ભેળ (૨૩)એમ. બી. ઘૂઘરા (૨૪)બાલાજી સેન્ડવિચમાં પણ તપાસ કરવામાં આવી હતી.

# આજે મનપાની હાઈસ્કુલના વિદ્યાર્થીઓનો વાર્ષિક ઉત્સવ-કલરવ

### ધો.૧૦ અને ૧૨ માં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર છાત્રોનું સન્માનઃ ૭ શાળામાં કુલ ૧૦૭૦ છાત્રો અભ્યાસ કરે છે



રાજકોટ, તા. ૭

મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મા.-ઉ. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રહેલી સાંસ્કૃતિક ક્ષમતાને બહાર લાવી, ઉજાગર કરવાના હેતુથી વાર્ષિકોત્સવ કલરવ-૨૦૨૫ કાર્યક્રમ તેમજ વર્ષ ૨૦૨૪ની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન આવતીકાલ તા.૮ના બુધવારે સવારે ૧૦ કલાકેપૂ.પ્રમુખ સ્વામિ ઓડીટોરીયમ ખાતે કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય સાંસદ પરસોતમભાઇ રૂપાલાના હસ્તે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને કરાશે.કોર્પો. સંચાલિત ૬ હાઇસ્કુલમાં ધોરણ ૯ થી ૧૨માં (૧) શ્રી પી.એન્ડ ટી.વી.શેઠ હાઇસ્કુલમાં કુલ-૨૮૯ (૨) શ્રી વીર સાવરકર વિદ્યાલયમાં કુલ-૮૪ (૩) શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઇસ્કુલમાં કુલ-૪૪૦ (૪) શ્રી એકનાથ રાનડે વિદ્યાલયમાં કુલ-૯૫ (૫) શ્રી મુરલીધર વિદ્યા મંદિરમાં કુલ-૮૫ (૬) શ્રી મહારાણી લક્ષ્મીબાઇ કન્યા વિદ્યાલયમાં કુલ ૭૭ એમ કુલ ૧૦૭૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. કલરવ-૨૦૨૫ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, સાંસદ રામભાઈ મોકરીયા, ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, પ્રદેશ મંત્રી બીનાબેન આચાર્ય, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. ચેરમેન જયમીનભાઈ ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, ડો.માધવભાઈ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, શિક્ષણ સમિતિનાં ચેરમેન વિક્રમભાઈ પુજારા, મા.શિક્ષણ સમિતી ચેરમેન રસિલાબેન સાકરીયા, અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો, આચાર્યો, વાલીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. સૌને આ સાંસ્કૃતિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# હળવદ સોની સમાજ દ્વારા થેલેસેમિયા ગ્રસ્ત બાળકોની સેવાર્થે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

### રક્તદાન કરી કોઇનુ અમુલ્ય જીવન બચાવો અંતર્ગત ૧૧૧ બ્લડઃ બોટલ એકત્રિત કરવામાં આવ્યું



શ્રીસંસ્કાર બ્લડ બેંક માં થેલેસેમીયા ગ્રસ્ત બાળકો માટે અને લોહી ની જરૂરિયાત છે તેવા દર્દી નારાયણ માટે ઉપયોગ માં લેવામાં આવશે... આ કાર્યક્રમ માં લક્ષ્મીનારાયણ મંદિર ના મહંત દીપકદાસજી મહારાજ , દિલીપભાઈ સોની, વેપારી મહામંડળ પ્રમુખ વિનુભાઈ પટેલ, બીપીનભાઈ દવે તથા રોટરી ક્લબ ના પ્રમુખ રોહિતભાઈ ઠક્કર સહિત સામાજિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ ને સફળ બનાવવા હળવદ સોની સમાજ ના યુવાનોઓ અને વડીલો એ ભારે જહેમત ઉઠાવી હતી.

હળવદ સોની સમાજ દ્વારા આયોજિત થેલેસેમીયા ગ્રસ્ત બાળકોના સેવાર્થે બ્લડ ડોનેશન કેમ્પ નું વાઘેશ્વરી મંદિર સોનીવાડ ખાતે રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યુ હતું.ખૂબ જ સુંદર આયોજન અને વ્યવસ્થાના ફળસ્વરૂપે બહોળી સંખ્યામાં લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો.આ કેમ્પમાં શ્રી સંસ્કાર બ્લડ બેંક મોરબીનો સહયોગ પ્રાપ્ત થયો હતો.


વાઘેશ્વરી માતાજી ના મંદિર સોનીવાડ ખાતે હળવદ સોની સમાજ દ્વારા સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું આ રક્તદાન કેમ્પ માં ૧૧૧ બ્લડ ની બોટલ એકત્ર કરવામાં આવી હતી આ કેમ્પ માં સર્વ જ્ઞાતિ ના રક્તદાતાઓ એ ઉદાર હૃદયે રક્તદાન કર્યુ હતું રક્તદાન કરનાર રક્તદાતાઓ સન્માન પત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું,આ કેમ્પ માં એકત્રિત થયેલ બ્લડ ની બોટલ મોરબી ખાતે

## રાજ્યમાં ૪૭.૫૫ લાખ હેકટરમાં રવિપાકોનું વાવેતર થયું

# રાજયમાં સૌથી વધુ ૧૩.૪૨ લાખ હેકટરમાં ઘંઉ પાકનું વાવેતરઃ કૃષિમંત્રી

### ચણાનું ૮.૩૯ અને જીરૂનું ૪.૭૪ લાખ હેકટરમાં વાવેતર





ગાંધીનગર,તા.૭

ગુજરાતના ખેડૂતોએ ચાલુ સિઝનમાં રવિ પાકોનું પુષ્કળ વાવેતર કર્યું છે. સિઝનના સારા વરસાદ અને ગત વર્ષે ખેડૂતોને રવિ પાકના મળેલા રેકોર્ડ બ્રેક ભાવના પરિણામે આ વર્ષે વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં ગત ત્રણ વર્ષ દરમિયાન રવિ પાકોનો સામાન્ય વાવેતર વિસ્તાર સરેરાશ ૪૬.૦૭ લાખ હેક્ટર રહ્યો છે. જેની સામે ચાલુ વર્ષે માત્ર અત્યાર સુધીમાં જ ગુજરાતના ખેડૂતોએ ૪૭.૫૫ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર કર્યું છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં હજુ પણ રવિ પાકોનું વાવેતર ચાલુ હોવાથી વાવેતરનો આંકડો વધવાની સંપૂર્ણ સંભાવના છે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. ગુજરાતના ખેડૂતો માટે આ વર્ષ પણ ખૂબ જ લાભદાયી નીવડશે, તેમ જણાવી કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, ભારતના કુલ ઘઉં ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો મહત્વપૂર્ણ છે.

રાજ્યમાં દર વર્ષે રવિ ઋતુ દરમિયાન ઘઉંનું સૌથી વધારે વાવેતર થાય છે. એ જ અનુક્રમને જાળવી રાખતા આ વર્ષે પણ ગુજરાતમાં ઘઉં પાકનું સૌથી વધુ વાવેતર થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૩.૪૨ લાખ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું રેકોર્ડબ્રેક વાવેતર નોંધાયું છે.

જે ગત વર્ષની સરખામણીએ ૧૦૯ ટકા જેટલું છે. આ ઉપરાંત ધાન્ય પાકમાં મકાઈનું પણ આ વર્ષે કુલ ૧.૩૨ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૧૮.૯૨ ટકા જેટલું છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યમાં કઠોળ પાકમાં ચણાનું પણ મબલખ વાવેતર નોંધાયું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યના આશરે ૬.૨૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર નોંધાયું હતું, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૮.૩૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર થયું છે અને જીરાનું ૪.૭૪ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે. ગત વર્ષે ડુંગળીનું આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૬૯ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૯૨ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, આટલું જ નહિ, બટાટા પાકનું ગત વર્ષે આ સમયગાળા દરમિયાન આશરે ૧.૩૫ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૧.૫૬ લાખ હેક્ટરમાં બટાકાનું વાવેતર નોંધાયું છે.

# ખ્યાતિકાંડ ચેરમેનને આગોતરા જામીન ન મળ્યાઃ અદાલતે અરજી ફગાવી દીધી

### વિદેશમાં રહેલા કાર્તિક સામે લુકઆઉટ સરકયુલર છે અને તપાસ નાજુક તબકકે છે ત્યારે જામીન આપવાનું ન્યાયોચિત નથી

અમદાવાદ, તા.૭

ખ્યાતિ હોસ્પિટલકાંડમાં વિદેશમાં ફરી રહેલા હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલે ધરપકડથી બચવા કરેલી આગોતરા જામીન અરજી ગ્રામ્ય કોર્ટના ડિસ્ટ્રીક્ટ જજ કે.એમ. સોજીત્રાએ ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યું હતું કે, ગંભીર પ્રકારનો ગુનો છે, જેની તપાસ નાજુક તબક્કે ચાલી રહી છે, આરોપી વિદેશમાં છે અને તેની સામે એલઓસી જારી કરવામાં આવી છે.

ત્યારે આરોપીને આગોતરા જામીન પર મુક્ત કરવો ન્યાયોચિત જણાતું નથી. નોંધનીય છે કે, સરકારે જામીન અરજી સામે એવી રજૂઆત કરી હતી કે, કાર્તિકે માર્કેટિંગ ટીમને વધુમાં વધુ ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવા તથા આસપાસના ગામડાંના વિસ્તારોના ક્લિનિક્સના ડોક્ટર્સનો સંપર્ક કરવા નિર્દેશ આપ્યો હતો.કાર્તિક પટેલે જ PMJAY



કાર્ડધારકોને મોટી સંખ્યામાં સારવારના બહાને ખ્યાતિ હોસ્પિટલમાં લાવવા ફરમાન કરતો હતો. ખ્યાતિકાંડના મુખ્ય સૂત્રધાર આરોપી એવા ખ્યાતિ હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલે તેમના જમાઈ પ્રિયાંક કૌશિકભાઈ પટેલ મારફતે આ કેસમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જેમાં પોતે નિર્દોષ હોવાનો મુદ્દો ઉઠાવી આગોતરા જામીન પર મુક્ત કરવા માટે રજૂઆત કરી હતી.

ખાસ સરકારી વકીલ વિજય બારોટે એવી દલીલ કરી હતી કે, આ સમગ્ર કેસમાં આરોપી વિદેશ ભાગી ગયો હોઈ અને હાજર થતો ન હોવાથી ચેરમેન કાર્તિક પટેલ વિરુદ્ધ (લૂક-આઉટ સર્ક્યુલર) પણ ઈશ્યૂ કરાયો છે.આરોપી ચેરમેન કાર્તિક પટેલે એક ચોક્કસ પ્રકારની પદ્ધતિથી ખ્યાતિ હોસ્પિટલને ખોટ કરતું એકમ દર્શાવ્યું હતું, પરંતુ વાસ્તવમાં હોસ્પિટલના માધ્યમથી મોટાપાયે નાણાંકીય કૌભાંડ આચરાતું હતું.

ચેરમેન કાર્તિક પટેલ તથા તેના ડાયરેક્ટર્સ ચિરાગ રાજપૂત, ડો.સંજય પટોલિયા, રાજશ્રી કોઠારી તથા રાહુલ જૈનની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંથલી મીટિંગ કાર્તિક પટેલની અમદાવાદ ખાતેની ઓફિસમાં યોજાતી હતી અને મહિનામાં બે વખત રિવ્યૂ મીટિંગ યોજાતી હતી.જેમાં ખ્યાતિ હોસ્પિટલને વધુમાં વધુ આવક થાય તે હેતુસર મેડિકલ સહાય આપતી સરકારની યોજનાઓના ઓઠા હેઠળ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવા અને વિવિધ પ્રકારના ફ્રી હેલ્થ કેમ્પ યોજવાની ચર્ચા થતી હતી.

આરોપીઓ દ્વારા વધુમાં વધુ વ્યક્તિને દર્દી તરીકે હોસ્પિટલમાં લાવવાનો ટાસ્ક કાર્તિક પટેલ અને અન્ય સહઆરોપી દ્વારા સોંપાતો હતો. હોસ્પિટલ દ્વારા PMJAY યોજના હેઠળ રૂ.૧૯.૧૪ કરોડથી વધુની રકમ મેળવાઈ છે. હોસ્પિટલની માર્કેટિંગ ટીમ દ્વારા અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારના જનરલ પ્રેક્ટિશનર ડોક્ટર્સને દર્દી દીઠ નાણાંનું તગડું કમિશન પણ ચેરમેન કાર્તિક પટેલની સહીથી ચૂકવાતું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ખ્યાતિ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૧૧૨ લોકોના મોત થયા છે, તેની તપાસ ચાલુ છે. હોસ્પિટલે કુલ ૩૫૭૮ ક્લેઈમ કર્યા હતા.

# બોરવેલમાં ફસાયેલી યુવતી ઇન્દીરા છેવટે જિંદગીનો જંગ હારી ગઇઃ 30 કલાકનું રેસ્કયુ ઓપરેશન નિષ્ફળ

## ૫૪૦ ફુટના બોરવેલમાં સરકી ગયેલી યુવતીને બહાર કાઢવામાં એક તબકકે માત્ર ૬૦ ફુટનું અંતર રહી ગયું હતું

### એનડીઆરએફ, બીએસએફ, ડિઝાસ્ટર સહિતની એજન્સીઓના ભરચકક પ્રયાસો સફળ ન થયાઃ હવે મૃતદેહ બહાર કાઢવા મથામણ





ભુજ, તા. ૭

કચ્છમાં ભુજના કંઢેરાઇ ગામે બોરવેલમાં પડી ગયેલી યુવતી છેવટે જિંદગી સામેનો જંગ હારી ગઇ હોય તેમ આજે બચાવ ઓપરેશન વચ્ચે તેનું મૃત્યુ નિપજયું હતું. 30 કલાક કરતા વધુ સમય સુધી રેસ્કયુ ઓપરેશન ચાલ્યુ હતું. છતાં યુવતીને સલામત રીતે બહાર કાઢવામાં સફળતા મળી ન હતી.

ઇન્દીરા મીણા નામની આ યુવતીના મોતથી સમગ્ર પંથકમાં અરેરાટીની લાગણી પ્રસરી ગઇ છે. યુવતીનો મૃતદેહ ફુલાઇ ગયો હોવાથી હવે તેને બોરવેલમાંથી બહાર કાઢવામાં પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ભુજના કંઢેરાઇ ગામે ઇન્દીરા મીણા નામની યુવતી ૫૪૦ ફુટ ઉંડા બોરવેલમાં સરકી ગઇ હોવાનું જાહેર થયું હતું જેને પગલે ગઇકાલે વ્હેલી સવારથી એનડીઆરએફ, બીએસએફ, આર્મી, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ફાયર બ્રિગેડ સહિતની એજન્સીઓ દ્વારા રેસ્કયુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રાથમિક કામગીરીમાં સફળતા ન મળતા ગાંધીનગરથી એનડીઆરએફની ટીમ તાબડતોબ બોલાવવામાં આવી હતી અને તેના દ્વારા બોરવેલ આસપાસ ખાસ સ્ટ્રકચર તૈયાર કરીને યુવતીને સહી સલામત બહાર કાઢવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા.

પ્રારંભિક કલાકોમાં યુવતીની બચાવો બચાવોની બુમો સંભળાતી હતી પરંતુ તે પછી અટકી હતી જોકે રેસ્કયુ ઓપરેશન દરમ્યાન યુવતી જીવીત છે કે કેમ તેની સતત વોચ રાખવામાં આવતી હતી અને તે જીવીત હોવાનું માલુમ પડયુ હોવાથી બચાવવાના પ્રયત્નો વધુ તેજ કરવામાં આવ્યા હતા.એવું જાણવા મળ્યું હતું કે, ૫૪૦ ફુટ ઉંડા બોરમાં પડી ગયેલી યુવતીને રેસ્કયુ ઓપરેશન દરમ્યાન એક તબકકે ઉપર લાવવામાં આવી હતી અને માત્ર ૬૦ ફુટનું અંતર બાકી રહ્યું હતું ત્યાં ઓચિંતી અડચણ આવતા ફરી યુવતી ૧૦૦ ફુટ નીચે ઉતરી ગઇ હતી જયાંથી તેને બચાવવાના પ્રયત્નો શરૂ કરાયા હતા પરંતુ આજે બપોરે યુવતી જિંદગીનો જંગ હારી ગઇ હોય તેમ તેનું મૃત્યુ થયાનું જાહેર થયું હતું. એનડીઆરએફની ટીમ દ્વારા રોબોટીક ટેકનોલોજીની મદદથી મૃતદેહ બહાર કાઢવાનો પ્રયાસ કરાયો હતો. મૃતદેહ બોરવેલમાં જ ફુલી ગયો હોવાથી બહાર કાઢવામાં મુશ્કેલી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. 30 કલાક કરતા વધુ સમય સુધીનું રેસ્કયુ ઓપરેશન નિષ્ફળ જતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઇ ગઇ છે.

# શેરબજારમાં કડાકાના પગલે રૂપિયો વધુ ગબડયોઃ રૂ.૮૫.૮૨ સુધી તૂટયો



મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં રેકોર્ડ તેજી આગળ વધતાં રૂપિયો નવા નીચા તળીયે જઈને બેઠો હતો. કોરોના જેવા નવા વાઈરસનો ફેલાવો વધવાની ભીતી વચ્ચે શેરબજાર ગબડતાં કરન્સી બજારમાં રૂપિયા પર પણ દબાણ વધ્યાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. ડોલરના ભાવ રૂ.૮૫.૭૯ વાળા આજે સવારેરૂ.૮૫.૭૮ ખુલ્યા પછી ઝડપી ઉછળી ઉંચામાં રૂ.૮૫.૮૫ સુધી પહોંચી છેલ્લે બંધ ભાવ રૂ.૮૫.૮૨ રહ્યા હતા. ઈન્ટ્રા-ડે હાઈ ભાવના સંદર્ભમાં તેમજ કલોઝીંગ ભાવના સંદર્ભમાં રૂપિયામાં આજે નવા તળીયે દેખાયા હતા. ડોલરનો આઉટફલો વધ્યો હતો.

જોકે આજે ડોલરમાં ઉંચા મથાળે રિઝર્વ બેન્કની કહેવાતી સુચનાથી અમુક સરકારી બેન્કો ડોલર વેચતી થયાના સમાચાર પણ મળ્યા હતા. ૨૦મી જાન્યુઆરીએ અમેરિકાના નવા પ્રમુખ ટ્રમ્પ પર ગ્રહણ કરશે ત્યાં સુધીમાં રૂપિયો વધુ તૂટી નીચામાં રૂ.૮૬ સુધી ઉતરી જવાની શકયતા બજારના જાણકારો બતાવી રહ્યા હતા.

# વિદેશી લેપટોપ પર પ્રતિબંધ મુદ્દે સરકારનો મોટો નિર્ણય, આયાત અટકાવવાનો કર્યો ઈન્કાર




કેન્દ્ર સરકાર વિદેશી લેપટોપ પર પ્રતિબંધ લગાવવાના નિર્ણય લેવામાં ફરી પાછીપાની કરી છે. કેન્દ્ર સરકાર પાસે વિદેશથી આયાત થનારા લેપટોપ પર પ્રતિબંધ મૂકવાનો કે પછી આયાતના જથ્થાનો ઘટાડી દેવાની કોઈ યોજના નથી. સરકારનું માનવું છે કે, દેશમાં સ્માર્ટફોનની જેમ લેપટોપના પ્રોડકશનમાં ધીમે ધીમે તેજી આવશે અને સ્માર્ટફોનની જેમ વિદેશી લેપટોપની ડિમાન્ડ આપોઆપ ઘટી જશે. એક સમય એવો હતો કે, સ્માર્ટફોનની ડિમાન્ડ વધી હતી, પરંતુ સરકારે તેના પર કોઈપણ પ્રકારનો આયાત પ્રતિબંધ લગાવ્યો નહતો અને સ્થાનિક પ્રોડકશન વધાર્યું હતું, ત્યારબાદ સ્માર્ટફોનની આયાતમાં ધરખમ ઘટાડો થયો.

IT અને ઈલેક્ટ્રોનિક્સ સેક્રેટરી એસ.કૃષ્ણને કહ્યું કે, HP અને ડેલ જેવી કંપનીઓ આગામી નાણાકીય વર્ષમાં સ્થાનિક ઉત્પાદન વધારશે. આ ઉપરાંત દેશમાં કમ્પોનન્ટ બનાવવાના કામ પણ ઝડપી થશે. સરકાર દેશમાં સેમિકન્ડકટર સેક્ટરમાં વધુને વધુ કંપનીઓ રોકાણ કરે તેવી યોજના બનાવી રહી છે, જેથી સેમિકન્ડકટર ઉત્પાદકોને પ્રોત્સાહિત કરી શકાય. સરકાર માને છે કે, સેમિકન્ડકટર સેક્ટર માટે ૧૦ અબજ ડોલર નાનું બજેટ છે અને આ બજેટના કારણે જાપાન, અમેરિકા, યુરોપ અને ચીન જેવા દેશો સાથે સ્પર્ધા કરવી પણ મુશ્કેલ છે. તેમણે કહ્યું કે, ભારતે અન્ય દેશો સાથે સ્પર્ધા કરવી મુશ્કેલ છે, કારણ કે આ દેશો પાસે પહેલાથી જ સેમિકન્ડકટર ઉદ્યોગ ધમધમી રહ્યો છે, જ્યારે ભારતે હાલ ઓપરેશન સેટઅપ કરવાનો છે. દેશમાં લેપટોપનું ઉત્પાદન નવા નાણાકીય વર્ષથી શરૂ થવાની આશા છે. એચપી અને ડેલે ૧૭,૦૦૦ કરોડ રૂપિયાની પ્રોડક્શન-લિંક્ડ ઈનિશિયેટિવ સ્કીમ હેઠળ ઉત્પાદન વધારવાની જાહેરાત કરી છે, જેની જાહેરાત ૨૦૨૩માં કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે સૌપ્રથમ ત્રીજી ઓગસ્ટ-૨૦૨૩ના રોજ લેપટોપની આયાત પર પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી હતી, જે પહેલી ઓક્ટોબર-૨૦૨૩થી અમલમાં આવવાની હતી. પરંતુ લેપટોપ ઉત્પાદકોના વિરોધ બાદ પ્રતિબંધ હટાવવાની જાહેરાત કરાઈ હતી. અગાઉ એચપી અને ડેલ જેવી કંપનીઓ ભારતમાં લેપટોપ બનાવવાની ના પાડી રહી હતી, પરંતુ સરકારના આ નિર્ણય બાદ બંને કંપનીઓ ભારતમાં ઉત્પાદન કરવા માટે સંમત થઈ ગઈ છે.

# કાલે પ્રવાસી ભારતીય દિવસઃ આ વર્ષની થીમ વિકસિત ભારતની સંકલ્પનામાં પ્રવાસી ભારતીયોનું યોગદાન

## ૧૮મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન ઓડિશાના ભુવનેશ્વરમાં આજથી ૧૦ જાન્યુ. દરમિયાન યોજાશે

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ભુવનેશ્વરમાં ચાર પ્રદર્શનોનું ઉદ્‌ઘાટન કરાશે




રાજકોટઃભારતમાં ૯ જાન્યુઆરી પ્રવાસી ભારતીય દિવસ તરીકે મનાવવામાં આવે છે. પ્રવાસી ભારતીયોના દેશના વિકાસમાં યોગદાનને બિરદાવવા કેન્દ્ર સરકાર દ્વારા દર બે વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ૧૮મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન ઓડિશાના ભુવનેશ્વર ખાતે તા. ૮ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન યોજાશે. જેની થીમ છે, વિકસિત ભારતની સંકલ્પનામાં પ્રવાસી ભારતીયોનું યોગદાન.

પ્રવાસી ભારતીયો દેશના વિકાસ માટે યોગદાન આપતા હોય છે. આથી તેમના યોગદાનને બિરદાવવા ભારતીય ડાયસ્પોરા પરની એક ઉચ્ચ-સ્તરીય સમિતિએ જાન્યુઆરી ૨૦૦૨માં ભલામણ કરી હતી કે, કેન્દ્ર સરકારે વિદેશી ભારતીયોના તેમના મૂળ સ્થાન અને વર્તમાન સ્થળ સાથેના જોડાણો અને સંબંધોને મજબૂત કરવા જોઈએ. આ સમિતિએ ભલામણ કરી હતી કે, ભારત અને તેના વિદેશી ભારતીય સમુદાય વચ્ચે નેટવર્કિંગ માટે ફોકલ પોઈન્ટ તરીકે ઊભરી આવે તે માટે અને ભારતીય ડાયસ્પોરાની કહાનીઓને યાદ કરવા માટે યોગ્ય સ્થળ તરીકે પ્રવાસી ભારતીય ભવનની સ્થાપના કરવી જોઈએ. સરકાર દ્વારા કમ્યુનિટીને માન્યતા આપવા માટે એક દિવસની ઉજવણીનો વિચાર આમાંથી આવ્યો હતો, અને ૨૦૦૩માં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી.

પ્રવાસી ભારતીય દિવસ તરીકે ૯ જાન્યુઆરીની પસંદગી કરવા પાછળ કારણ એ હતું કે, આ તારીખે મહાત્મા ગાંધી વર્ષ ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફર્યા હતા. વર્ષ ૨૦૧૫થી આ દિવસની ઉજવણી દર બે વર્ષે કરવામાં આવે છે.નોંધનીય છે કે, અત્યાર સુધીમાં ૧૭ પ્રવાસી ભારતીય દિવસ સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૭મા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી મધ્યપ્રદેશના ઈન્દોરમાં તા. ૮થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન યોજાઈ હતી. જેની થીમ ડાયાસ્પોરા અમૃત કાળમાં ભારતની પ્રગતિ માટે વિશ્વસનીય ભાગીદાર હતી.

આ વર્ષે ઓડિશાના ભુવનેશ્વરમાં યોજાનારા ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું ઉદ્‌ઘાટન ૯મી જાન્યુઆરીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવશે. વડાપ્રધાનશ્રી આ નિમિત્તે ચાર પ્રદર્શનોનું ઉદ્‌ઘાટન પણ કરશે જેમાં (૧) વિશ્વરૂપ રામ - રામાયણનો સાર્વત્રિક વારસો આ પ્રદર્શન પરંપરાગત અને અદ્યતન ટેકનોલોજીના સંયોજનથી રામાયણના સમયાતીત મહાકાવ્યને રજૂ કરશે. (૨) ટેકનોલોજી અને વિકસીત ભારત માટે ડાયસ્પોરાનું યોગદાનઃ આ પ્રદર્શન વિશ્વમાં ટેકનોલોજીના વિકાસમાં ભારતીય ડાયસ્પોરાના યોગદાનને રજૂ કરશે.

# યુનીટી સીમેન્ટની રજીસ્ટ્રડ ટ્રેન્ડમાર્કની કોપીરાઈટ કરી પ્રોડકટ બનવા લાગીઃ સુરતના શખ્સનું કારસ્તાન

## ગોંડલના પાટીદળમાં યુનીટી સીમેન્ટ કંપની ધરાવતા રાજકોટમાં રમેશચંદ્ર અઘેરાએ સુરતના પ્રકાશ કાડોડરા સામે ફરીયાદ નોંધાવી, પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૭

ગોંડલના પાટીદળમાં યુનીટી સીમેન્ટ કંપનીની રજીસ્ટ્રડ ટ્રેન્ડમાર્કની કોપીરાઈટ કરી પ્રોડકટ બનાવતા સુરતના પ્રકાશ કાડોડરા સામે ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.બનાવ અંગે રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગરોડ પર પરસાણા ચોકમાં રહેતાં રમેશચંદ્ર કુરજીભાઈ અઘેરા (ઉ.વ.૫૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પ્રકાશ કાડોડરા (રહે. સુરત) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ગોંડલના પાટીદળ ગામે યુનીટી સીમેન્ટ નામની કંપની ભાગીદારીથી ચલાવે છે.

તેઓની બ્રાન્ડની આઈટમોનું ઉત્પાદન અને વેચાણ માટે ઞગઈઝઢ ઈઊખઊગઝ નામના લોગાની ટ્રેન્ડમાર્ક રજીસ્ટ્રી ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયાના ટ્રેન્ડમાર્ક એકટ ૧૯૯૯ થી કંપનીના લોગાની મંજુરી લીધેલ અને મંજુરી બાદ બહોળી પ્રસિધ્ધિ કરેલ હતી અને આઈ.એસ.આઈ.નું પ્રમાણપત્ર મેળવેલ હતું. તેઓએ તેમની યુનિટી કંપનીને પ્રમોટ કરવા જંગી રકમનો ખર્ચ કરેલ હતો.

તેમજ કંપનીનું નામ હાલ બજારમાં સારી એવી નામના ધરાવતા હોય તે દરમ્યાન એક માસ પહેલા જાણવા મળેલ કે, સુરતમાં પ્રકાસ કાડોદરા નામના શખ્સે સુરતના બ્લોક નં. ૧૯૫ નેશનલ હાઈવે વાવ ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપની બાજુમાં કામરેજ ખાતે તેઓના લોગાના ભળતા નામથી તેઓની કંપનીની મંજુરી વગર તેમજ પ્રોડકટની કોપીરાઈડ કરી સીમેન્ટને લગત પ્રોડકટ બનાવતા હોવાનુ જાણવા મળતા પ્રકાશ કાડોદરાનો સંપર્ક કરી ટ્રેડમાર્કનો ઉપયોગ ન કરવા જણાવવા છતા તેઓએ ટ્રેડમાર્ક કે ઞગઈઝઢ રાખવા માટે કોઈ રજીસ્ટ્રેશન કરાવેલ હોય.

# સરદારનગર મેઈન રોડ પરથી ૧૪ વર્ષની સગીરા ભેદી રીતે લાપતા, અપહરણનો ગુનો નોંધાયો

### અજાણ્યા શખ્સ સામે પોલીસે ગુનો નોંધી શોધખોળ આદરી



રાજકોટ. તા.૭

સરદાર નગર મેઈન રોડ પરથી ૧૪ વર્ષની સગીરા ભેદી રીતે લાપતા થતાં માલવીયાનગર પોલીસ મથકમાં અપહરણની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. બનાવ અંગે સરદાર નગર મેઈન રોડ પર અલ્કા સોસાયટીમાં રહેતાં ૩૮ વર્ષીય વેપારીએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ આનંદ બંગલા ચોક પાસે ઈલેક્ટ્રિક આઈટમનું કારખાનું ચલાવે છે અને સંતાનોમાં એક ૧૪ વર્ષની દિકરી અને ચાર વર્ષનો પુત્ર છે.

ગઈ તા.૦૫ ના સાંજના સાડા ચારેક વાગ્યાની આસપાસ તેઓ હું કારખાને હતાં ત્યારે તેમના પત્નીનો ફોન આવેલ કે, આપળી પુત્રી ઘરે નથી તમે આપડા ઘરના કેમેરા જોઈ કહો, જેથી તેઓએ મોબાઈલમાં ઘરના કેમેરાનો વીડીયો દેખાતો હોય જે ચેક કરતા તેમની દીકરી ઘરની બહાર જતી હોય તેવું દેખાય આવેલ હતું.બાદ ફરીથી તેઓએ પત્નીને કોલ કરતાં તેણીએ કહેલ કે, બપોરના બે વાગ્યાની આસપાસ હું ઘરે સુઈ ગયેલ બાદ બંને સંતાનો રમતા હતા. ત્યારે દિકરી કોઈ જગ્યાએ કોઈને કાંઈ કહ્યા વગર જતી રહેલ છે. બાદમાં તેઓએ આજુબાજુ વિસ્તારમાં શોધખોળ કરેલ પણ દીકરીની ભાળ મળેલ નહીં, જેથી કોઈ અજાણ્યો શખ્સ તેમની સગીર દિકરીને લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.


નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper
સાવચેતી જાળવીએ, મકરસંક્રાતી મનાવીએ...
ઉત્તરાયણ પર્વમાં આટલું કરીએ
# પ્રાથમિક સારવારની કીટ તૈયાર રાખો
# પશુઓ અને વાહનોથી સાવચેત રહો
# ધાબા કરતાં ખુલ્લા મેદાનમાં પતંગ ચગાવવો
# ધાબાની પાળી પૂરતી ઊંચી છે તેવી ખાતરી કરો
# માથા ઉપરથી પસાર થતા વીજતારથી દૂર રહો
# વાલીઓએ પતંગ ચગાવતા બાળકો પર નજર રાખવી
# સવારે ૬થી ૮ અને સાંજે ૫થી ૭ના ગાળામાં પક્ષીઓ પાછા ફરતા હોવાથી પતંગ ન ચગાવો

ૐકારા

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**તમે આળસને માત્ર આજ આપશો, તો તે તમારી કાલ પણ ચોરી જશે. આળસ ત્યાગી પુરુષાર્થ કરીએ અને કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

## તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્દભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062